આજનો સુવિચાર
લોકો તમારા વખાણ કરે કે ન કરે, પણ ભલાઈનો પક્ષ કયારેય છોડશો નહીં.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૨ જૂનાગઢ તા.૦૬-૦૧-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 22, Junagadh : Date : 06 January, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ચીનનો ખતરનાક વાયરસ ભારત પહોંચ્યો : કર્ણાટકમાં બે કેસ નોંધાયા

## ત્રણ મહિના અને આઠ મહિનાના બે બાળકો HMPV વાયરસથી સંક્રમિત થયાની પુષ્ટી : કર્ણાટક સરકારે આપાતકાલિન બેઠક બોલાવી




બેંગલુરુ, તા.૬: ચીનમાં ફેલાયેલા ખતરનાક HMPV વાયરસ ભારત પહોંચી ગયો છે. કર્ણાટકમાં આ વાયરસના બે કેસ નોંધાયા હોવાની પુષ્ટી થઈ છે. આ વાઈરસનું નામ હ્યુમન મેટાન્યૂમોવાઈરસ (HMPV) છે. ભારતમાં બંને કેસ કર્ણાટકના છે. સંક્રમિતોમાં એક ૮ મહિનાનું બાળક અને ૩ મહિનાની બાળકીનો સમાવેશ થાય છે.

બેપ્ટિસ્ટ હોસ્પિટલમાં સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે, કર્ણાટકના આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી છે કે તેમણે તેમની લેબમાં સેમ્પલનું પરીક્ષણ કરાવ્યું નથી. રિપોર્ટ એક ખાનગી હોસ્પિટલમાંથી આવ્યો છે

સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું- કર્ણાટકમાં HMPVના બે કેસ મળી આવ્યા છે. બંને બાળકો રૂટીન ચેકઅપ માટે હોસ્પિટલમાં આવ્યા હતા. જ્યાં તપાસ કરતાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

વાઈરસથી સંક્રમિત થવા પર દર્દીમાં શરદી અને કોવિડ-૧૯ જેવા લક્ષણો જોવા મળે છે. તેની સૌથી વધુ અસર નાના બાળકો પર જોવા મળી રહી છે. આમાં ૨ વર્ષથી નાની ઉંમરના બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત છે.

સમગ્ર વિશ્વને હચમચાવી મુકનાર કોવિડ મહામારી બાદ HMPV નામના વાયરસે ચીનમાં ઉપાડો લીધો છે હવે બેંગ્લોરમાં આ વાયરસનો પ્રથમ કેસ નોંધાતા ચિંતા ઉપજી છે. બેંગલુરુની એક હોસ્પિટલમાં આઠ મહિનાની બાળકીમાં HMPV વાયરસ મળી આવ્યો છે. આરોગ્ય વિભાગનું કહેવું છે કે અમે અમારી લેબમાં તેનું પરીક્ષણ કર્યું નથી. ખાનગી હોસ્પિટલમાં આ કેસનો રિપોર્ટ આવ્યો છે. ખાનગી હોસ્પિટલના આ અહેવાલ પર શંકા કરવાનું કોઈ કારણ જણાતું નથી.આશ્ચર્યની વાત એ છે કે બાળકની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. હોસ્પિટલની લેબોરેટરીમાં કરાયેલા ટેસ્ટમાં HMPV વાયરસની પુષ્ટિ થઈ છે. કર્ણાટકના આરોગ્ય વિભાગે કેન્દ્ર સરકારને આ માહિતી આપી છે. કર્ણાટક આરોગ્ય વિભાગ ICMR અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની વધુ સૂચનાઓની રાહ જોઈ શકે છે. જો કે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે શું આ HMPVનો એ જ સ્ટ્રેન છે કે જે ચીનમાં કેસ વધી રહયો છે.

HMPV સામાન્ય રીતે બાળકોમાં જ જોવા મળે છે. HMPV તમામ ફ્લૂ નમૂનાઓમાં ૦.૭ ટકા હિસ્સો ધરાવે છે. આ વાયરસનો તાણ શું છે તે હજુ સુધી જાણી શકાયું નથી.COVID–૧૯ રોગચાળાના લગભગ પાંચ વર્ષ પછી, ચીન એક નવા સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહયું છે. ચીનમાં માનવ મેટાપ્યુમોવાયરસ (HMPV) વાયરસના કેસ સતત વધી રહયા છે. આ સાથે અન્ય દેશોમાં પણ HMPV વાયરસના કેસ દેખાવા લાગ્યા છે. જોકે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ચીનમાં ફેલાતા વાયરસના ચેપ પર મૌન જાળવી રાખ્યું છે. સંગઠને હજુ સુધી આ વાયરસ વિશે સત્તાવાર રીતે કંઈ કહયું નથી. આ દરમિયાન ચીનના પડોશી દેશોએ તેમના નાગરિકોને સાવચેત રહેવા જણાવ્યું છે.

# બિહારમાં ભૂખહડતાળ પર ઉતરેલા પ્રશાંત કિશોરની વહેલી સવારે ધરપકડ

પટના તા.૦૬ બિહાર પબ્લિક સર્વિસ કમિશન (BPSC) ની ૭૦મી પ્રારંભિક પરીક્ષા રદ કરવાની માગ સાથે ઉપવાસ પર બેઠેલા જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરને આજે વહેલી સવારે પટના પોલીસ દ્વારા વિરોધ સ્થળ પરથી બળજબરીથી ઉપાડી લેવામાં આવ્યા હતા અને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

પોલીસ પ્રશાંત કિશોરને AIIMSમાં લઈ ગઈ છે. જન સૂરજ પાર્ટીનો આરોપ છે કે પોલીસે પ્રશાંત કિશોર સાથે અત્યાચાર કર્યો છે. પોલીસે તેમને લાફો માર્યો હતો. તેમને સ્થળ પરથી પટના AIIMSમાં લઈ જવામાં આવ્યા છે. તેઓને બીજા બધાથી અલગ કરી દીધા છે. પ્રશાંત કિશોરે કોઈપણ પ્રકારની સારવારનો ઈન્કાર કર્યો છે અને તેમના ઉપવાસ ચાલુ રાખ્યા છે. તે જ સમયે BPSC વિદ્યાર્થીઓને ઉશ્કેરવા બદલ મુઝફ્ફરપુર કોર્ટમાં પ્રશાંત વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ દરમિયાન પટના પોલીસ અને જન સૂરજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોરના સમર્થકો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી.

## દિલ્હી વિધાનસભા ચૂંટણીની ગમે ત્યારે જાહેરાત થશે

નવી દિલ્હી તા.૦૬ પાટનગર નવી દિલ્હીમાં વધતી જતી રાજકીય ગરમી વચ્ચે હવે ગમે તે ઘડીએ ચૂંટણીની જાહેરાતની શકયતા છે અને મળતા સંકેત મુજબ આજે ચૂંટણી પંચની એક પત્રકાર પરિષદ યોજાશે અને તેમાં ચૂંટણીની જાહેરાત થશે. દિલ્હીમાં તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી સુધીમાં ચૂંટણીની શકયતા છે. આધારભૂત અહેવાલ મુજબ તા. ૬ના રોજ કેન્દ્રીય ચૂંટણીપંચ નવી મતદાર યાદી જાહેર કરી શકે છે અને ત્યાર બાદ ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ પંચ દ્વારા આગામી કલાકોમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરાશે અને એક જ તબકકામાં દિલ્હીમાં ચૂંટણીઓ યોજાઈ શકે છે. ૨૦૨૦માં દિલ્હી ચૂંટણીની જાહેરાત તા. ૬ જાન્યુઆરીના રોજ થઈ હતી.

## ઉ. ભારતમાં કાતિલ ઠંડીથી ૧૫ ના મોત : ૨૦ રાજ્યોમાં ગાઢ ધુમ્મસની ચાદર

નવી દિલ્હી તા.૦૬ પહાડી વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષાના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીમાં વધારો થયો છે. દેશના ૧૦ રાજ્યોમાં આજે ધુમ્મસનું એલર્ટ આપવામાં આવ્યું છે. સોમવારે સવારે દિલ્હીમાં વરસાદ પડ્યો હતો. ધુમ્મસના કારણે ૧૦ ટ્રેનો મોડી ચાલી રહી છે. ઉત્તર પ્રદેશના લખનૌમાં વિઝિબિલિટી ઝીરો થઈ ગઈ. ૨૪ કલાકમાં ઠંડીના કારણે ૧૫ લોકોના મોત થયા છે. ધુમ્મસના કારણે ૨૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. જ્યારે ૯૩ ટ્રેનો ૧૧ કલાક મોડી પડી હતી. મધ્યપ્રદેશમાં તાપમાનમાં ઘટાડો થશે. રાજસ્થાનમાં વરસાદની શક્યતા છે. દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, હરિયાણામાં ધુમ્મસ રહેશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષા થશે તમિલનાડુ-પુડુચેરીમાં વરસાદની સંભાવના છે. ઉત્તર ભારતના રાજ્યોમાં ધુમ્મસ રહેશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષા થશે.

### છત્તીસગઢમાં બનેલી ચકચારી ઘટના

# ૧૬ વર્ષની યુવતિએ જીભ કાપીને શિવલીંગ પર ચડાવી

સકતિ, તા.૬: છત્તીસગઢના સકિત જિલ્લાના એક ગામમાં અગિયારમા ધોરણમાં ભણતી ૧૬ વર્ષની આરુષિ ચૌહાણ નામની એક વિદ્યાર્થીએ તેની જીભ કાપીને શિવલિંગને ચડાવી દીધી હતી અને પછી બે દિવસ શિવમંદિરમાં સાધના કરી હતી. આ ઘટના સોમવારે બની હતી અને બે દિવસ સુધી આ છોકરી મંદિરમાંથી બહાર આવી નહોતી. સરકારી અધિકારીઓ અને પોલીસની ટીમ તેને પકડવા આવી ત્યારે ગામવાસીઓએ તેમનો રસ્તો રોકી દીધો હતો અને તેમને મંદિરમાં જવા દીધાં નહોતાં.

આરુષિએ જીભ કાપતાં પહેલાં નોટ લખી હતી કે તે સોમવારે જીભ કાપીને શિવલિંગ પર ચડાવશે અને પછી તે બે દિવસ સાધનામાં લીન રહેશે, જો એ પહેલાં તે ઊઠી જશે તો તેનું મર્ડર થઈ જશે. પોલીસ અને સરકારી કર્મચારીઓને રોકતાં આરુષિના પરિવારજનોએ કહ્યું હતું કે આરુષિએ બાધા રાખી હતી અને તેથી તે દર સોમવારે શિવજીના મંદિરમાં પૂજા કરતી હતી. સાધના બાદ તેની હાલત ઠીક છે.

# ડોલર સામે રૂપિયાનું સતત ધોવાણ ઓલ ટાઈમ લો : મોંઘવારી ભડકી ઉઠશે

નવી દિલ્હી, તા.૬ : ભારતમાં ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનથી ગંભીર અસરો થવાની છે. હાલ રૂપિયો ૮૫.૭૯ ટકાના સૌથી નીચા સ્તરે આવી ગયો છે. એટલે કે ૧ યુએસ ડોલરની કિંમત ૮૫. ૭૯ રૂપિયા થઈ ગઈ છે. રૂપિયાના મૂલ્યમાં થયેલા રેકોર્ડ ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરતાં નિષ્ણાતો કહે છે કે સ્થાનિક ચલણના મૂલ્યમાં ઘટાડાથી આયાતી કાચા માલની કિંમતના કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થશે અને દેશમાં એકંદરે ફુગાવો વધી શકે છે. જે સામાન્ય લોકોના ખિસ્સા પર અસર કરશે. નિષ્ણાતોનું કહેવું છે કે રૂપિયાનો ડોલર સામે ઘટતી કિંમતના લીધે મોબાઈલ ફોન, ટીવી, ફ્રીજ, એસી, પેઈન્ટ વગેરેની કિંમતો વધશે. આ ઉપરાંત વિદેશમાં અભ્યાસ અને વિદેશ પ્રવાસનો ખર્ચ પણ વધશે. નિષ્ણાતોના મતે ડૉલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે સામાન્ય લોકો પર અસર થશે. તેમજ આયાત મોંઘી થતા ફુગાવો વધશે અને કાચો માલ અને વસ્તુઓને મોંઘી બનાવશે.

# અમરેલીની પાટીદાર યુવતિના લેટરબોમ્બથી રાજકીય ગરમી

### પોલીસદમનનો આક્ષેપ અને કાયદાનું વસ્ત્રાહરણ થયાનું જણાવતા ભાજપ ભીંસમાં

રાજકોટ, તા. ૬ અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવનાર પત્રકાંડમાં રહેલ પાટીદાર યુવતિએ અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાને એક પત્ર પાઠવી પોતાના પર આ પ્રકરણમાં પોલીસે દમન કર્યાના આક્ષેપ કર્યા છે. સ્ત્રી સ્વમાનનું કાયદાના રક્ષકોએ વસ્ત્રાહરણ કર્યુ છે. જે બદલ 'મોટાભાઈ' એવા ધારાસભ્ય પાસે ન્યાયની માંગણી કરી છે. આ લેટર બોમ્બના કારણે અમરેલી જિલ્લામાં ઠંડી વચ્ચે વ્યાપક રાજકીય ગરમી આવી ગઈ છે. આ પાટીદાર યુવતિએ જણાવેલ છે કે, હુ તમારી બહેન અને ગુજરાતના ગરીબ પરીવારની એક પોલીસથી પીડીત દિકરી છુ. અને તમે અમારા નેતા, અમરેલીના પ્રતિનિધી, રાજ્યના ખાસ સેવક અને ખુદજ રાજ્ય સરકારનુ અભિન્ન અંગ છો ત્યારે, ગુજરાતના ગામડે ગરીબ પરિવારમાં ઉછરીને સ્વરોજગાર માટે સ્વાભિમાન ભેર સંઘર્ષ કરનારી તમારી બહેન અને ગુજરાતની એક દિકરીની રાજ્યના ખુદ રક્ષકો દ્વારા જ કાયદાનુ ઉલ્લંઘન કરીને અડધી રાતે ધરપકડ કરી ત્રાસ ગુજારાયો છે.

# કેનેડાના ભારત વિરોધી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો ગમે ત્યારે રાજીનામું આપશે તેવા અહેવાલો



ઓટાઓ તા.૦૬ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો બુધવાર પહેલાં પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. કેનેડિયન મીડિયાને ટાંકીને આ માહિતી સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જસ્ટિન ટ્રુડોએ ટૂંક સમયમાં રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે. જસ્ટિન ટ્રુડો સતત વિરોધનો સામનો કરી રહ્યા છે. ટ્રુડોના પોતાના પક્ષમાં પણ તેમના રાજીનામાની માંગણીઓ ઊઠી રહી છે. આવી સ્થિતિમાં ખુદ જસ્ટિન ટ્રુડોએ ચૂંટણી પહેલાં રાજીનામું આપવાની ઓફર કરી છે. કેનેડામાં ફેડરલ ચૂંટણી ચાલુ વર્ષે ઓક્ટોબરની વચ્ચે કોઈપણ સમયે યોજાઈ શકે છે.

ગ્લોબ એન્ડ મેલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ટ્રુડોનું રાજીનામું બુધવારે યોજાનારી મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલાં આવશે. એક સૂત્રએ પબ્લિકેશનને જણાવ્યું હતું કે કેનેડિયન પીએમને લાગે છે કે તેમણે લિબરલ કોકસની બેઠક પહેલાં જાહેરાત કરવાની જરૂર છે જેથી તેમના પોતાના સાંસદો દ્વારા તેમને હાંકી કાઢવામાં આવ્યા હોય તેવું ન લાગે.' તાજેતરમાં, તે સ્પષ્ટ નથી કે ટ્રુડોનું સ્થાન કોણ લેશે? નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદ પર રહેશે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ધ્યેય સાયન્સ સેન્ટર
એક ડગલું આગળ
:: કાર્યક્ષેત્ર ::
ધો.૮ થી ૧૦ તથા ૧૧-૧૨ (સાયન્સ/કોમર્સ)
B.Com., B.B.A. (Eng. Medium)
ત્રીજો માળ, સાંનિધ્ય કોમ્પલેક્ષ, બેંક ઓફ ઈન્ડીયાની ઉપર, જોષીપરા, જૂનાગઢ
ફોન : (૦૨૮૫) ૨૬૧૦૦૨૬
વઘાસીયા સર :- મો.૯૯૦૪૧ ૨૦૨૪૨

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
પ્રકાશ પટેલ મો.૯૬૨૪૧ ૫૪૫૧૧
તિર્થ પટેલ મો.૯૯૬૫૪ ૧૫૪૮૮
પૃષ્ટિ સુરતી ખમણ એન્ડ ખમણી
જુના અને જાણીતા
ખમણી, નાયલોન ખમણ, ડ્રાઈફ્રુટ સમોસા, પાત્રા હોલસેલ તેમજ રીટેલ મળશે.
શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
ગામ : કાથરોટા


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪
ઉમીયાજી સીંગતેલ
મીની ઓઈલ મીલ
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

રોટ.. રોટ.. રોટ..
પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩


CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ–કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
જૂનાગઢમાં ગુજરાતનો સૌથી વિશાળ ફર્નિચરનો શોરૂમ


આધુનિક રીવોલ્વીંગ વિઝીટર - પરફોરેટર ચેરની વિશાળ રેન્જ સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ સાથે
સ્ટાન્ડર્ડ મટીરીયલમાંથી અનુભવી-કુશળ કારીગરો દ્વારા આપના માપ-સાઈઝ મુજબના સોફા સેટબનાવી આપીશું.
બ્રાન્ડેડ કંપનીના મેટ્રેસ
૭ માળ, ૫૦,૦૦૦ ચો.ફુટમાં વિશાળ ડીસ્પ્લે
ફાયનાન્સ સુવિધા ઉપલબ્ધ*
* T&C
Sunday Open
Contact for Bulk Order
આપના બજેટને અનુરૂપ ફર્નિચરની પસંદગીનું પૂર્ણવિરામ
મોડર્ન ફર્નિચર વર્લ્ડ
વંથલી હાઈવે, વાડલા ફાટક, જૂનાગઢ. મો. ૮૧૨૮૨ ૩૨૦૩૨
A to Z ફર્નિચર
માંગરોળ રોડ, કેશોદ. મો. ૭૨૧૧૧ ૦૨૩૨૩

રાજકોટથી ખેલ મહાકુંભ ૩.૦નો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતી

# ‘‘ખેલે તે ખીલે’’ના મંત્ર સાથે છેવાડાના વિસ્તારથી લઈને મહાનગર સુધી ખેલાડીઓનું ખેલ કૌશલ્ય ઝળકાવવાનો અવસર એટલે ખેલ મહાકુંભ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્યના રમતવીરોને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવાની સરકારની નેમ છે : ખેલ મહાકુંભના પરિપાક રૂપે ગુજરાતને વિશ્વ કક્ષાની રમતોમાં ઉત્કૃષ્ઠ પ્રદાન આપનારા સામર્થ્યવાન ખેલાડીઓ મળ્યા છે : હર્ષ સંઘવી

ઓલિમ્પિક્સ જેવા ભવ્ય રંગારંગ કાર્યક્રમ, લેસર શો તેમજ આતશબાજીએ અનોખો જુસ્સો જગાવ્યો ; મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખેલ મહાકુંભ ૨.૦ માં શ્રેષ્ઠ શાળા, જિલ્લા અને મહાનગરોને એવોર્ડ-પુરસ્કાર અપાયા







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેલ મહાકુંભ ૩.૦નો રાજકોટથી પ્રારંભ કરાવતા જણાવ્યું કે, નરેન્દ્ર મોદીએ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં ‘ખેલે તે ખીલે’ના મંત્ર સાથે શરૂ કરાવેલા ખેલ મહાકુંભથી છેવાડાના વિસ્તારથી લઈને મહાનગર સુધીના ખેલ કૌશલ્યને બહાર લાવી તેને ઝળકાવવાનો અવસર એટલે ખેલ મહાકુંભ. રમતવીરોને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડવાની રાજ્ય સરકારની નેમ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રમત-ગમત માટે સાધન સુવિધાઓ, તાલિમ, અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ સરળતાએ મળી રહે તે માટે રાજ્ય સરકારે રમત-ગમત માટેના બજેટમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. ૨૦૦૨માં જે બજેટ માત્ર અઢી કરોડનું હતું તે આજે વધીને રૂા.૩૫૨ કરોડ થયું છે. એટલું જ નહિ, ૨૦૦૨માં રાજ્યમાં માત્ર ત્રણ સ્પોર્ટસ કોમ્પલેક્ષ હતા આજે ૨૨ જિલ્લામાં ૨૪ સ્પોર્ટસ કોમ્પલેક્ષ છે તેમજ નવા ૧૩ કોમ્પલેક્ષનું બાંધકામ પ્રગતિમાં છે. નારણપુરામાં ૨૨ એકરમાં મલ્ટી યુટિલીટી સ્પોર્ટસ સેન્ટર નિર્માણાધિન છે અને વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે ૨૩૩ એકરમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ એક્લેવનું નિર્માણ કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીએ ઉમેયુ હતું. રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ખેલ મહાકુંભ 3.0નો રાજકોટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા મંત્રીઓ કુવરજીભાઈ બાવળીયા,ભાનુબેન બાબરીયા અને રજકોટ શહેરના ધારાસભ્યઓ અને મેયર તથા પદાધિકારીઓની ઉપસ્થિતીમાં પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ આગામી અઠવાડીએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થનારા મહાકુંભ પહેલા ગુજરાતમાં શરૂ થઈ રહેલા આ ખેલ મહાકુંભ ૩.૦ને રમત-ગમતનો મહાકુંભ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં વિશ્વાસ અને ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું છે તેના પરિણામે ૨૦૨૪નું વર્ષ ભારત માટે રમત-ગમત ક્ષેત્રે અનેક ઉપલબદ્ધીઓનું વર્ષ બન્યું છે. પેરિસના પેરાલિમ્પિક્સમાં આપણા ખેલાડીઓનું રેકર્ડ બ્રેક પ્રદર્શન, ચેસની વિશ્વ રમતમા ઐતિહાસીક જીત અને મહિલા શક્તિની ખેલ-કૂદમાં વધુને વધુ ભાગીદારીએ નવા કિર્તીમાન સ્થાપ્યા છે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, ૨૦૩૬ના ઓલિમ્પિકસની યજમાની માટે ભારતને સજ્જ કરવાનું મિશન હવે વડાપ્રધાનશ્રીએ ઉપાડ્યું છે અને ગુજરાત પણ તેમના દિશાદર્શનમાં આ ઓલિમ્પિકના રન અપના ભાગરૂપે ૨૦૨૫, ૨૦૨૬ તથા ૨૦૨૯ એમ ત્રણ વર્ષોમાં પાંચ જેટલી વર્લ્ડ ક્લાસ ગેઈમ્સના આયોજન માટે પ્રયત્નશીલ છે. ગુજરાતમાં આજે જે સ્કેલ પર સ્પોર્ટસ કલ્ચર ખીલ્યું છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનનું પરિણામ છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીએ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં ‘ખેલે તે ખીલે’ના મંત્ર સાથે શરૂ કરાવેલા ખેલ મહાકુંભથી છેવાડાના વિસ્તારથી લઈને મહાનગર સુધીના ખેલ કૌશલ્યને બહાર આવવાનું અને નિખરવાનું પ્લેટફોર્મ મળ્યું છે. તેમણે ખેલ મહાકુંભને ઉત્તરોત્તર મળી રહેલા વ્યાપક પ્રતિસાદની વિગતો આપતાં કહ્યું કે, ૨૦૧૦માં પ્રથમ ખેલ મહાકુંભમાં ૧૬ લાખ ખેલાડીઓ હતા તે આ વર્ષે રેકર્ડ બ્રેક ૭૧ લાખથી વધુ રજીસ્ટ્રેશન થયા છે. વિવિધ રમતોના વિજેતા ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઈનામોથી રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરવાની છે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના આ અમૃતકાળને વડાપ્રધાનએ કર્તવ્યકાળ કહ્યો છે તેમ જણાવતાં યુવાનોને રમત-ગમત વિશ્વમાં દેશનું અને રાજ્યનું નામ રોશન કરવાની મોટી તક આ કર્તવ્યકાળમાં છે તેવું આહવાન કર્યુ હતું. આ તકે ખેલ મહાકુંભ ૨.૦માં વિજેતા બનેલી રાજ્ય કક્ષાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલી શ્રેષ્ઠ ત્રણ મહાનગરપાલિકાઓનું સન્માન ઉપરાંત પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલા શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓનું સન્માન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ત્યારથી રાજ્યમાં ખૂણે ખૂણે રમત ગમત ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે. ખેલ મહાકુંભે રાજ્યના ખૂણે ખુણાના બાળકો-યુવાનોને રમત સાથે જોડવાનું કામ કર્યું છે. ડાંગના આદિવાસી વિસ્તારોથી લઈને કચ્છના સરહદી ગામડામાં વસતા બાળકો-યુવાનોને ખેલ મહાકુંભ થકી મોટો મંચ મળ્યો છે. ખેલ મહાકુંભ થકી ગુજરાતને અનેક નેશનલ-ઈન્ટરનેશનલ ખેલાડીઓ મળ્યા છે. ગુજરાતનો ખેલાડી ખેલના મેદાનમાં ઉતરે ત્યારે ભલ ભલાનો પરસેવો છોડાવી દે તેવો સામર્થ્યવાન આ ખેલ મહાકુંભના પરિપાક રૂપે બન્યો છે તેમ તેમણે ગૌરવ સાથે જણાવ્યું હતું. હર્ષ સંઘવીએ ઉમેર્યુ હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રમત ગમત ક્ષેત્રે બદલાવ માટે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ઈન સ્કૂલ યોજનામાં ૨૩૦ શાળાઓમાં ૧,૨૧,૫૨૦ બાળકોને સરકારી ખર્ચે સ્પોર્ટસની તાલીમ અપાઈ રહી છે. હાલમાં ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ (ડી.એલ.એસ.એસ.) થકી રાજ્યમાં ૫૫૦૦ ખેલાડીઓને તાલીમ અપાઈ રહી છે. એક ખેલાડી પાછળ સરકાર રૂા. ૧.૬૮ લાખનો ખર્ચ કરે છે. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા હાલમાં ૬૨૯ એથ્લિટ્સને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ અપાઈ રહી છે અને એક એથ્લિટ પાછળ સરકાર રૂા.ત્રણ લાખનો ખર્ચ કરવામાં આવે છે. ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના હેઠળ ૫૫ એથ્લિટસને રૂા.૧.૮૮ કરોડના ઈનામ આપવામાં આવ્યા છે.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ એસ.ટી. વિભાગીય કચેરી, ગોંડલ એસ.ટી. વર્કશોપનું ઈ-લોકાર્પણ કરવા સાથે આઠ નવી હાઈટેક વોલ્વો બસને ફ્લેગઓફ પણ કરાવી હતી. ખેલ મહાકુંભ ૩.૦ના શુભારંભ પ્રસંગે ઓલિમ્પિક્સ જેવો ભવ્ય રંગારંગ કાર્યક્રમ, લેસર શો યોજાયો હતો અને આતશબાજી થઈ હતી. જેણે ઉપસ્થિત સૌ લોકોમાં અનોખો જુસ્સો જગાવ્યો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે, ખેલ મહાકુંભે રાજ્યમાં અનોખી રમત-ગમત સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. આ સાથે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આજના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયા, જ્યારે અતિથિ વિશેષ તરીકે રાજકોટનાં મેયર નયનાબહેન પેઢડિયા, સુરતના મેયર દક્ષેશ માવાણી, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી તેમજ સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. કમલસિંહ ડોડીયા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ આર. એસ. નીનામા, જી.એસ.આર.ટી.સી.ના એમ.ડી. અનુપમ આનંદ, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, અગ્રણી ભરતભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળમાં આતંક મચાવનાર વાંદરી ગેંગ ગુજસીટોકના સંકજામાં, લીડર સહિત ૧૪ સાગરીતો જેલ હવાલે

ગેંગના ૧૪ સાગરીતો સામે હત્યા, લુંટ, ફરજ રૂકાવટ, રાયોટીંગ, ગૌતસ્કરી, સ્ત્રી અત્યાચાર જેવા ૧૯૬ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા :ગેંગનો એક સાગરીત વેરાવળ તુરક સમાજનો પ્રમુખ પણ સંકજામાં આવ્યો : પોલીસની કડક કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફફડાટ પ્રસર્યો









(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૬

વેરાવળ સોમનાથ શહેર પંથકમાં આંતક મચાવનાર સામાજીક આગેવાનની વાંદરી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધી ગેંગના લીડર સહિત ૧૪ સાગરીતોની એલસીબીએ ધરપકડ કરી છે. આ ગેંગ સામે હત્યાના પ્રયાસ, ગૌ તસ્કરી-કતલ, રાયોટીંગ, મારામારી, લુંટ, ફરજ રૂકાવટ, મહિલા અત્યાચારના ૧૯૬ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. ગેંગનો સાગરીત અને આઠેક જેટલા ગુનાઓ આચરનાર જાવીદ તાજવાણી વેરાવળ તુરક સમાજનો પટેલ છે. જીલ્લા પોલીસની એરસ્ટ્રાઈક સમાન કડક કાર્યવાહીના પગલે અન્ય અસામાજીક તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી છે. વેરાવળમાં આંતક મચાવનાર ગેંગને નાસીપાસ કરવા પોલીસે કરેલ કામગીરી અંગે પત્રકાર પરિષદમાં માહિતી આપતા જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, વેરાવળ સોમનાથ શહેર પંથક અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી વસીમ ઉર્ફે ભુરો ઉર્ફે બાબા ગુલાબશા શાહમદાર ફકીર અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો ઈકબાલ ચિનાઈ પટણીએ સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે વાંદરી ગેંગ નામની ટોળકી બનાવીને અનેક પ્રકારના ગુનાઓ આચરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું. આ ગેરકાયદેસર ગતિવીધીઓ વાંદરી ગેંગ માટે આજીવિકાનું સાધન બની ગયેલ હોવાથી ટોળકીના સાગરીતો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી અટકાવવાની પરિસ્થિતિ ઉદભવી હતી. જેથી ગેંગના લીડર વસીમ ઉર્ફે ભુરો અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો સહિત કુલ ૧૪ સાગરીતો વિરૂધ્ધ ગુજસીટોક એકટ-૨૦૧૫ ની કલમ ૩(૧)ની પેટા (૨), કલમ-૩(૨), કલમ-૩(૪) હેઠળ વેરાવળ પોલીસમાં ગુનો દાખલ કરેલ છે. આ વાંદરી ગેંગના લીડર સહિત તમામ ૧૪ સાગરીતોને એલસીબી પીઆઈ એ.બી.જાડેજાના નેતૃત્વમાં પીએસઆઈ એ.સી. સિંધવ, પીઠરામ જેઠવા, રામદેવસિંહ જાડેજા, નરવણસિંહ ગોહીલ, ગોવિંદ વંશ, રેન્જ સાયબર સેલના કનકસિંહ કાગડા, એસઓજીના દેવદાન કુંભારવાડીયા, નટુભા બસીયા, નરેન્દ્ર પટાટ, લલીત ચુડાસમા, નરેન્દ્ર કછોટ, ભુપેન્દ્રસિહ ચાવડા સહિતના સ્ટાફની જુદી જુદી ટીમો બનાવીને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઝડપી લેવામાં આવ્યા છે. વધુમાં એસપી મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, વાંદરી ગેંગના સાગરીતોએ છેલ્લા દસ વર્ષ દરમ્યાન પ્રાણઘાતક હથિયારો સાથે રાયોટીંગ, મારામારી, જાનમાલ મિલ્કત સબંધીમાં લુંટ, પશુ તસ્કરી, ગૌવંશ હત્યા, પ્રોહીબીશન, હથિયાર ધારા, સરકારી અધિકારી/કર્મચારીઓની ફરજ રૂકાવટ, ખંડણી, હદપારી ભંગ, સ્ત્રી અત્યાચારના, મોબાઈલ ફોન ઉપર ધાકધમકી આપવાના કુલ-૧૯૬ ગુનાઓ આચારેલ છે. આ ગુનાઓમાંથી ટોળકીના ગેંગલીડરો તથા સાગરીતોએ એકબીજા સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવા ૫૩ જેટલા ગુનાઓ આચરેલ હોવાનું જાણવા મળેલ હતુ. જેના આધારે ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ ગુનાની આગળની તપાસમાં ગુનાહિત પ્રવૃત્તિ થકી ઉભી કરેલ સંપતિઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

**આ ગેંગના સાગરીતો અને તેની સામે નોંધાયેલા ગુનાઓ**

(૧) વસીમ ઉર્ફે ભુરો ઉર્ફે બાબા ગુલાબશા શાહમદાર ફકીર ઉ.વ.૩૨ સામે ૨૫ ગુનાઓ

(૨) શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો ઈકબાલ ચિનાઈ ઉ.વ.૨૫ સામે ૧૮ ગુનાઓ

(૩) જીબ્રાન આમદ પંજા ઉ.વ.૨૪ સામે ૨૪ ગુનાઓ

(૪) મોહસીન ઉર્ફે જાડો મુસ્તાક કાજી શેખ ઉ.વ.૪૦ સામે ૮ ગુનાઓ

(૫) મુન્તહા ઉર્ફે અલીયો અલી પંજા ઉ.વ.૨૩ સામે ૮ ગુનાઓ

(૬) અફઝલ ઉર્ફે ચીપો સત્તાર પંજા ઉ.વ.૩૦ સામે ૧૫ ગુનાઓ

(૭) સુફીયાન ઉર્ફે આમીર આરીફ મલેક ઉ.વ.૨૩ સામે ૧૪ ગુનાઓ

(૮) રફીક ઉર્ફે ટમેટો સતાર ચૌહાણ ઉ.વ. ૨૫ સામે ૧૩ ગુનાઓ

(૯) સોયબ ઉર્ફે ભાયાત હુસેન મુગલ ઉ.વ.૩૨ સામે ૧૫ ગુનાઓ

(૧૦) શાહીલ ઉર્ફે મીર યુસુફ જેઠવા ઉ.વ. ૩૦ સામે ૧૦ ગુનાઓ

(૧૧) યાસીન ઈબ્રાહીમ જલાલી ફકીર ઉ.વ.૩૦ સામે ૧૨ ગુનાઓ

(૧૨) યાકુબ ઉર્ફે વાંદરી ઉર્ફે કારા મહમદ તાજવાણી તુરક ઉ.વ.૩૨ સામે ૧૧ ગુનાઓ

(૧૩) અયુબ મહમદ તાજવાણી ઉ.વ.-૩૪ સામે ૪ ગુનાઓ

(૧૪) જાવીદ ઉર્ફે વાંદરી મહમદ તાજવાણી ઉ.વ.-૪૨ સામે ૮ ગુનાઓ (વેરાવળ તુરક સમાજનો પ્રમુખ)

**કહેવાતા આગેવાન સામેની ગુજસીટોકની કાર્યવાહી અટકાવવા પ્રયાસો થયેલ**

વેરાવળ પંથકમાં આંતક મચાવનાર વાંદરી ગેંગનો એક સાગરીત તુરક સમાજનો પ્રમુખ હોય તેણે ગુનેગારના રાક્ષસને ઢાંકી દેવા સામાજીક આગેવાનની છાપ ઉભી કરીને ગુનાહિત પ્રવૃત્તિ આચરતો હતો. આ કહેવતો સામાજીક આગેવાનોની તાજેતરમાં જ હત્યાના પ્રયાસના ગુનામાં ધરપકડ કરાઈ હોવાથી હાલ કસ્ટડીમાં છે. દરમ્યાન જીલ્લા પોલીસે ગુપ્ત રીતે વાંદરી ગેંગ સામે ગુજસીટોકના કાયદાનું શસ્ત્ર ઉગમાવવા કાર્યવાહી શરૂ કરેલ જેને અટકાવવા અનેક રીતે દબાણ લાવવામાં આવેલ તેમ છતાં દબાણના વંશ થયા વગર જીલ્લા પોલીસવડાએ કડક કાર્યવાહી કરાવી અસામાજીક તત્વોને કાયદાનું ભાન કરાવેલ છે. આ કાર્યવાહીને લોકોએ પણ આવકારી છે.

**ગેંગથી પીડીત લોકોએ પોલીસનો સંપર્ક કરવા અપીલ**

આ વાંદરી ગેંગનો શિકાર અનેક લોકો થયા હોય જેઓ ભયના માર્યા અત્યારસુધી પોલીસને આપવીતી વર્ણવી શક્યા ન હોય તેવા તમામ પીડીતોને પોલીસનો સંપર્ક કરવો જેથી ગેંગની સામે વધુ કડક કાર્યવાહી કરાશે તેવી અપીલ એલસીબી પીઆઈ એ.બી.જાડેજાએ કરી છે.

# રાજકોટમાં નવનિર્મિત પોલીસ આવાસો-અધતન સાયબર સેન્ટીનલ્સ લેબનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

આધુનિક યુગમાં ડીજીટલ ફ્રોડની વધતી ચેલેન્જને પહોંચી વળવા "સાયબર ક્રાઈમ ડિટેક્ટ કરવામાં સાયબર લેબ મહત્વની ભૂમિકા ભજવશે" : ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી : રૂા.૨૯૨૬ લાખના ખર્ચે ૧૦૮ પોલીસ આવાસોનું નિર્માણ કરાયું





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

ગુજરાત રાજ્યના ગૃહ અને વાહન વ્યવહાર વિભાગના રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ શહેરમાં નવનિર્મિત અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ તેમજ માઉન્ટેડ પોલીસ લાઈન ખાતે રૂા.૨૯૨૬ લાખના ખર્ચે નિર્મિત બી-કક્ષાના ૧૦૮ પોલીસ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રીએ લેબ અને આવાસોનું નિરીક્ષણ કરતા જરૂરી સૂચનો કર્યા હતાં. મંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અત્યારના સમયમાં ટેકનોલોજીનો અસામાજિક પ્રવૃત્તિઓમાં દુરુપયોગ થઈ રહ્યો છે, ત્યારે સાયબર ક્રાઈમ ડિટેક્ટ કરવામાં સાયબર લેબ મહત્વની ભૂમિકા ભજવશે. આધુનિક યુગમાં ડીજીટલ ફ્રોડની વધતી ચેલેન્જને પહોંચી વળવા રાજ્યની સાયબર ટીમ સતત પ્રયાસો કરી રહી છે. સાયબર ક્રાઈમને રોકવા જાગરૂકતા સંબંધી કાર્યક્રમોનો વધુ અને સચોટપણે ઉપયોગ કરવા ઉપર તેમણે આ તકે ભાર મૂક્યો હતો.

ફાઈનાન્સિયલ અને સોશિયલ લોસની રિકવરી કરીને ડીજીટલ હેરેસમેન્ટના કેસોના નિરાકરણની કામગીરીમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્ય સરકાર સામેના ફાઈનાન્સિયલ ક્રાઈમ અને સોશિયલ ક્રાઈમના પડકારને અંકુશમાં લાવવા આધુનિક ટેકનોલોજીસભર સાયબર લેબ સમયની જરૂરિયાત છે. રાજકોટ પોલીસ દ્વારા ચારથી પાંચ સોફટવેર પણ ડિજિટલ ક્રાઈમ અટકાવવા માટે બનાવાયા છે, જેનાથી ગુનાખોરી નિવારવામાં મદદરૂપ સાબિત થશે. આ વેળાએ મંત્રી હર્ષ સંઘવીનું સ્મૃતિચિન્હ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. મંત્રીએ દાતાઓ સાથે ચર્ચા કરીને સાયબર લેબ માટે ઉદાર હાથે દાન આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. ક્રાઈમ ડી.સી.પી. ડો. પાર્થરાજસિંહ ગોહિલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેનાના જવાનોની કામગીરી બિરદાવી જવાનોને પ્રોત્સાહિત કર્યા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપલેટાના પ્રાંસલા ખાતે યોજાયેલ રાષ્ટ્રકથા શિબિરમાં સેનાના જવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરી જવાનોની કામગીરીને બિરદાવી હતી. આ રાષ્ટ્રકથા શિબિરમાં સેનાની વિવિધ પાંખો દ્વારા શસ્ત્ર પ્રદર્શન યોજાયું હતું. જેમાં ભારતીય તટ રક્ષક દળ, બી.એસ.એફ, એન.ડી.આર.એફ. સહિતના દળો દ્વારા યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત કરી હતી અને સેનાના જવાનો સાથે વાર્તાલાપ કરી મુખ્યમંત્રીશ્રીએ દેશ પ્રત્યેની જવાનોની કામગીરીને બિરદાવી હતી. મુખ્યમંત્રી સાથે સ્વામી ધર્મબંધુશ્રી તથા સેનાના અધિકારીઓ અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં બાઈક સ્કૂટર અવર-જવર થઈ શકે તે માટે રોડ બનાવવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)


જૂનગઢ તા.૬

જન સેવા સંગઠન જૂનાગઢ જીલ્લા પ્રમુખ યોગેશ આર. ચાવડા મારી અને આ વિસ્તારના લોકોની માનસર અરજ છે કે ખામધ્રોળરોડ, ડો. સુભાષ કોલેજ ફાટક પાસે જે રેલ્વે ક્રોસિંગ છે તેની બાજુમાં ખુલ્લી ગટર છે. જયાં ઓપન રેલ્વે નાનુ પુલ નીચેથી સામસામે બાઈક, સ્કૂટર પસર થતા હતા તો એ હાલ ટ્રાફિક સમસ્યા ખુબ જ ઘણી છે અને આખા દિવસ દરમ્યાન અનેકવાર ફાટક બંધ થાય છે. સ્કૂલે જતા બાળકોને લેવા-મુકવામાં, ટયુશન જવામાં અવર-જવરમાં કરવામાં હરહંમેશ ફાટકના લીધે ટ્રાફિક થાય છે. તો ખમધ્રોળ રોડ, ડો. સુભાષ કોલેજ પાસે આવેલ ફાટકની બાજુમાં ખુલ્લી ગટર છે તેને હજુ વધુ ખુલ્લી ગટરની નીચે કરીને તેની ઉપર સામસામે બાઈક સ્કુટર, સયકલ જઈ શકે તેવી વ્યવસ્થા તાત્કાલીક કરાવશો જેથી ત્યાં રહેતા દરેક નાગરીકોને ફાટક બાધારૂપ રહે નહી અને કાયમી ટ્રાફિકની સમસ્યા પણ ઓછી થઈ જાય જેથી આ બાબતે તાત્કાલીક ખુલ્લી ગટર ઉપર રોડ બનાવવા માંગ કરી છે.

# કેન્દ્રીય મંત્રી રમનસુખભાઈ માંડવીયાએ કેશોદ ખાતેથી રૂા.૬.૫૧ કરોડના ૧૧૦ વિકાસ કાર્યોનું ઈ - લોકાર્પણ -ખાતમુહૂર્ત કર્યું

## ૮૮-કેશોદ વિધાનસભા મતવિસ્તારના નાગરિકોને વિકાસકાર્યોની ભેટ : રૂા. ૬૮.૩૫ લાખના ૧૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂા.૫.૮૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર ૯૧ વિકાસ કામોનું ખાતમુહૂર્ત

### ઘેડ પંથકમાં પૂરની સમસ્યાના નિરાકરણ માટે પ્લાન તૈયાર : અંદાજે રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ઘેડ પંથકમાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે : કેન્દ્રીય મંત્રી



જૂનાગઢ, તા.૬

ભારત સરકારના શ્રમ અને રોજગાર, રમત ગમત અને યુવા બાબતોના મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ કેશોદ ખાતેથી જન સુખાકારી અને માળખાકીય સુવિધામાં વધારો કરતા રૂા.૬.૫૧ કરોડના ૧૧૦ વિકાસકાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ કેશોદ ટાઉનહોલ ખાતેથી ૮૮-કેશોદ વિધાનસભા મતવિસ્તારના રૂા. ૬૮.૩૫ લાખના ૧૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂા.૫.૮૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર ૯૧ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ સંબોધતા જણાવ્યું કે, ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષના શાસનકાળમાં પ્રાથમિક જરૂરિયાતો અને સુવિધાઓનો સંઘર્ષ પૂર્ણ થયો છે, એટલું જ નહીં રાજ્યની અવિરત વિકાસ યાત્રાથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

વીજળી, પાણી, આરોગ્ય સહિતની લોકોની જરૂરિયાતોને સંતોષી કેન્દ્ર રાજ્ય સરકાર ઉપર લોકોએ મુકેલા વિશ્વાસ પર ખરી ઉતરી છે. લોક માંગને ધ્યાને રાખી અને તેને પૂર્ણ કરવાની શક્યતાઓને તપાસી જવાબદારીપૂર્વક લોકોના પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ઘેડ પંથકમાં જે પૂરની સમસ્યા હતી, તેના નિરાકરણ માટેની યોજના પણ બની ગઈ છે. આ વિસ્તારમાં નદી નાળા પહોળા કરવાની સાથે પાણીના યોગ્ય નિકાલ માટેનો પ્લાન બનાવવામાં આવ્યો છે. અંદાજે રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ઘેડ પંથકમાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઘેડ પંથકની સમસ્યાના નિરાકરણ માટે સર્વે સહિતની કામગીરી અને જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવા માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાને અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રિય મંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને દોહરાવતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ ૨૦૪૭ સુધીમાં દેશની આઝાદીના શતાબ્દી વર્ષમાં દેશને વિકસિત અને સમૃદ્ધ બનાવવા માટેનો રોડ મેપ પણ આપ્યો છે. તેમણે કહ્યું કે, ગુલામીના પ્રતિકોને ત્યજીને આપણી ગૌરવશાળી વિરાસતમાંથી પ્રેરણા મેળવી દેશને આગળ વધારવા માટે યોગદાન આપીએ અને સંસારનું શ્રેષ્ઠ હોય તેનું તો ગ્રહણ કરીએ પરંતુ આપણો વારસો વિસરાઈ ન એ માટે પણ પ્રતિબદ્ધ બનીએ. વિકસિત ભારતના નિર્માણમાં જન ભાગીદારીને અનિવાર્ય ગણાવતા કહ્યું કે, સામૂહિક પ્રયાસોથી જ શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાશે. એક આદર્શ નાગરિક તરીકે દેશ અને સમાજ માટેના કર્તવ્ય નિર્વહન કરવા માટે પણ આહવાન કર્યું હતું. ઉપરાંત સરકાર, વહીવટી તંત્ર અને જાગૃત નાગરિક તરીકેના આપણા સહિયારા પ્રયાસોથી વિકાસ કામોને ગુણવત્તા યુક્ત, સુંદર અને સુદ્રઢ બનાવવા માટે પણ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, રોડ રસ્તા, વીજળી, આરોગ્ય સહિતની મૂળભૂત સમસ્યાઓ ભૂતકાળ બની છે, અવિરત વિકાસ કાર્યોના લોકાર્પણ - ખાતમુહૂર્તથી જન સુખાકારીમાં વધારો થઈ રહ્યો છે. તેમણે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ ઘેડ પંથકમાં પૂરની સમસ્યાના નિરાકરણ માટેના પ્રયાસોને ઉલ્લેખ કરતા આ વિસ્તારના વિકાસ કાર્યો વેગવંતા બન્યા છે. તેમ પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમે વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તનો ઉલ્લેખ કરતા પ્રાસંગિક સંબોધન કર્યું હતું. કેશોદ વિધાનસભા મતવિસ્તારમાં રૂા.૬.૫૧ કરોડના ૧૧૦ વિકાસ કાર્યોમાં તાલુકા પંચાયત કેશોદ અને માંગરોળ, નગરપાલિકા કેશોદ, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય અને પંચાયત સહિતના વિભાગના રોડ રસ્તા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સહિતની માળખાકીય સુવિધાઓના કામોનો સમાવેશ થાય છે. તાલુકા વહીવટી તંત્ર - કેશોદ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, જિલ્લા કલેકટર, અનિલકુમાર રાણાવસિયા, કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, નગરપાલિકાના કમિશ્નર ડી. એમ. સોલંકી, આસિસ્ટન્ટ કલેકટર ઐશ્વર્યા દુબે સહિતના સ્થાનિક પદાધિકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આસિસ્ટન્ટ કલેકટર અને કેશોદના અધિકારી સુશ્રી વંદના મીણાએ શાબ્દિક સ્વાગત અને મામલતદાર સંદીપ મહેતાએ આભાર વિધિ કરી હતી.

## વિસાવદર સ્ટેટ હાઈવેને જોડતો જૂની ચાવંડ, લેરીયા, સુખપુર રોડ પુનઃ ચાલુ કરવા માંગણી

(વિનુ પુરોહીત દ્વારા) વિસાવદર, તા.૬

વિસાવદર તાલુકાના રસ્તાની બાબતમાં જૂનાગઢ જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન મૈ તરને જિલ્લા ભાજપ મંત્રી નરેન્દ્રભાઈ કોટીલા દ્વારા એક લેખિત રજૂઆત કરવામાં આવેલ છે કે, જૂનાગઢથી વિસાવદર સ્ટેટ હાઈવેને જોડતો જૂની ચામુંડ, લેરીયા અને લેરિયાથી સુખપુર રોડ સરકાર દ્વારા મંજૂર થયેલ છે જેની કામગીરી એજન્સી દ્વારા ચાલુ કરવામાં આવેલ હતી પરંતુ લાંબો સમયથી મેટલીંગ ડામરનું કામ બંધ પડેલ છે. ખેડૂતો અને ત્રણે ગામના ગ્રામજનોની રજૂઆતને ધ્યાને લઈજે કામ પુર્નઃ દિવસ ૮માં ચાલુ કરાવવા માટે વહીવટી તંત્રને સૂચના આપવા આપના લેવલેથી યોગ્ય નિર્ણય કરવા લેખિતમાં જણાવવામાં આવેલ છે. દિવસ ૮ની અંદર આ કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો રાજ્યના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની ફરજ પડશે તેવુ નરેન્દ્રભાઈ કોટીલાની યાદીમાં જણાવાયું છે.

## માંગરોળમાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના હસ્તે માનવતાની મહેક નામે સોપાન ખુલ્લું મુકાયું

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૬







જૂનાગઢ જીલ્લા પોલિસ વડા હર્ષદ મહેતા, ધારાસભ્ય ભગવાનજી કરગઠીયા તેમજ મામા સરકાર હસ્તે માનવતાની મહેક નામે એક અનેરું સોપાન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ તકે હિન્દુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહીયા હતા. લોક ઉપયોગી માનવતાની મહેકમા શહેરીજનો દ્વારા પોતાની ચીજ વસ્તુઓ જેવા કે કપડા, ચપ્પલ, બુટ, ચોપડાઓ બાળકોના રમકડાં જેવી સામગ્રી તેમજ પ્રસંગો તેમજ તહેવારોમાં ખાવા પીવાની સામગ્રી રાખી શકશે. આ માધ્યમ થકી જરુરીયાતમંદો પોતાની ઉપયોગીતા પૂર્ણ કરી શકે. માનવતાની મહેક રૂપી વ્યવસ્થાનું સંચાલન પોલીસ વિભાગ કરશે તેમ પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાનજી ભાઈ કરગઠીયા, શહેર ભાજપ પ્રમુખ નિલેશ સોમૈયા, સમગ્ર ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મો. હુશેન ઝાલા, બૈતુલમાલ ફંડના પ્રમુખ હનીફભાઈ પટેલ ઈબ્રાહિમ ભાઈ વરામ, ભાજપ કોંગ્રેસ આગેવાનો હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ તેમજ માંગરોળ ડીવાયએસપી કોડીયાતર, પૂર્વ ડી વાય એસ પી બી ડી વાઘેલા , પી આઈ સામળા, પી આઈ ચોરવાડ, સર્કલ ઈન્સ્પેકટર સમીર મંધરા તેમજ શીલ પી એસ આઈ સોલંકી મેડમ, માળિયાના પી એસ આઈ સુમરા મેડમ માંગરોળ માળિયા ના પોલીસ સ્ટેશનના સ્ટાફ સહિત અનેક નામવર હસ્તીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોષી એ કર્યુંહતું.

# પદ્મભૂષણ પં. સાજન મિશ્રા અને સ્વરાંશ મિશ્રાનાં ‘જીનકે મન રામ બિરાજે’, ‘મન રોકત ઐસો ઢીત લંગરવા’, ‘આંગન આયે બલમ’ જેવી સ્મરણીય ધૂનની ભાવસભર સ્વરકારી આરાધનાથી શ્રોતાગૃહ બન્યું ભકિત ગૃહ

## નંદીની શંકરના વાયોલીન અને મહેશ રાઘવના અત્યાધુનિક કી-પેડ ઉપર રેલાતી ધુનની લયકારીથી થયું બે સંસ્કૃતિનું સુભગ મિલન : તા.૪ જાન્યુ. એ પ્રથમ સેશનમાં મનિષ વ્યાસ ટૂપનું ફ્યુઝન મ્યુઝિક અને દ્વિતીય ચરણમાં પં. તેજેન્દ્ર નારાયરન મજુમદારનું સરોદવાદન માણવા મળશે







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

મધુર સુરોની સફરમાં સપ્તસંગીતિના બીજા દિવસે કો પેટ્રન ભવાની ઈન્ડસ્ટ્રીઝના સુરેશભાઈ અને જી.એન.અલ્ટેકના ગૌરાંગભાઈ છત્રાલા તેમજ શુભેચ્છક ડો. ગદ્રે પરિવારના સભ્યોના હસ્તે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રથમ ચરણમાં પતિ-પત્નીની પ્રખ્યાત જોડી એવા નંદીની શંકર અને મહેશ રાઘવનનું વાયોલીન અને આઈપેડ ડ્યુઓ માણાવાનો અદ્ભુત લાહવો મળ્યો હતો. પ્રખ્યાત વાયોલિન વાદિકા ડો.એન રાજમ જીના પૌત્રી નંદિની શંકર વાયોલિન ઉપર તેમના પતિ અને સાઉથ ઈન્ડિયામાં એક આયકોનિક કલાકાર તરીકે નામના ધરાવનાર મહેશ રાઘવન સાથે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને ફ્યુઝન મ્યુઝિક રજૂ કર્યું હતું.

નંદીની શંકર અને મહેશ રાઘવને તેમની પ્રથમ પેશકશમાં કર્ણાટકી રાગ કાંબોજી અને રાગ દેશના મિશ્રણથી બનેલ રાગ દેવગીરી બિલાવલ પ્રસ્તુત કર્યો હતો. મહેશ રાઘવને એપલ આઈપેડમાં જીઓ શ્રેડ એપના માધ્યમથી કેવી રીતે સુર અને મીંડકારી વગાડવામાં આવે છે તે સભાગૃહમાં મુકેલ એલ.ઈ.ડી સ્ક્રીનના માધ્યમથી શ્રોતાઓને બતાવ્યું હતું. તેઓ છેલ્લા દસ વર્ષથી આઈપેડ ઉપર કર્ણાટકી અને ફ્યુઝન મ્યુઝિક વગાડી રહ્યા છે. નંદીનીજી અને મહેશજી એ રાગ ખમાજમાં ‘ન માનુંગી’ ઠુમરી રજૂ કરી શ્રોતાઓના મન મોહી લીધા હતા. ત્યારબાદ કર્ણાટકી રાગ સિંધુ ભેરવી તથા પ્રચલિત કમ્પોઝિશન ‘ક્રિષ્નાની બેગને બરો’ રચના બન્ને એ સુંદર કઠે ગાઈને વાયોલિન અને આઈપેડ પર રજૂ કરી હતી. તેમણે તેમનું ઓરીજનલ કમ્પોઝિશન ‘ખમાજ કલેક્શન’ રજૂ કરી શ્રોતાઓની વાહ વાહી મેળવી હતી. ત્યારબાદ શુદ્ધ સારંગમાં ‘પ્લેઈસ કોલ્ડ હોમ’ ધૂન રજૂ કરી કે જે ધુનને સાંભળવાથી પોતાના ઘરે પરત ફર્યા હોય તેવી શીતળ અનુભૂતિ થાય તેવી ભાવભીની રજૂઆત કરી હતી. ત્યારબાદ આજે જાને કી જીદ ના કરો તેમના સુંદર ગાયકી સાથે વાયોલીન- કીપેડ સાથે રજૂ કર્યું હતું. સભાના અંતે શ્રોતાઓની ફરમાઈશ પર રાઘવને કીપેડ ઉપર તેમની સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી હેરી પોટરની ફેમસ ધૂન વગાડી રજૂઆતને પૂર્ણવિરામ આપ્યું હતું. સભાના બીજા ભાગમાં પં. સાજન મિશ્રાજીએ સૌપ્રથમ તેમના બંધુ પંડીત રાજન મિશ્રાજી કે જેમણે કોવિડકાળમાં ચીર વિદાય લીધી હતી તેમને યાદ કરી દુઃખ વ્યક્ત કરી સ્મરણાંજલિ આપી હતી. પં. સાજન મિશ્રાજી એ રાગ માલકૌંસમાં વિલંબિત એકતાલમાં શ્રીરામ ભગવાનની ધૂન ‘જીનકે મન રામ બિરાજે’ અને ત્યારબાદ શ્રીકૃષ્ણ ભકિત ધૂન ‘મન રોકત ઐસો ઢીત લંગરવા’ તીનતાલમાં રજૂ કરી હતી. ત્યારબાદ એકતાલ મધ્યલયમાં ‘આંગન આયે બલમ’ તાનયુક્ત પેશકશ રજૂ કરી હતી. પંડિત સાજન મિશ્રાજી એ જૈફ વયે અદ્ભુત મીંડકારી અને પ્રભાવશાળી પ્રચંડ અવાજ સાથે બનારસ ઘરાનીની ખાસિયત એવી બઢત સાથે કરેલી રાગ માલકૌંસની પ્રસ્તુતી હંમેશા શ્રોતાઓના સ્મરણમાં જળવાઈ રહેશે. પં. સાજન મિશ્રાજી એ અતિમંદ્ર સપ્તકથી તાર સપ્તક સુધી કરેલી રજૂઆત તેઓના રિયાઝની તાકાત દર્શાવે છે, જે સાંભળીને શ્રોતાગણ તાલીઓના ગડગડાથી વધાવાની ચેષ્ટા રોકી શક્યા ન હતા. પંડિતજી એ રાજકોટની કલાપ્રિય જનતાની પ્રશંસા કરતા કહ્યું કે જો આવું શ્રોતાગણ હોય તો ચાર કલાક સુધી પણ રાગ માલકૌંસ સંભળાવી શકુ છું. ત્યારબાદ પંડિત સાજન મિશ્રાજીના પુત્ર શ્રી સ્વરાંશ મિશ્રાએ શિવજીના અઘોર પંથ ઉપર આધારિત પોતે શબ્દબદ્ધ કરેલી રચના રજૂ કરી હતી. સભાના અંત ભાગમાં શ્રોતાઓની ફરમાઈશ પર "ચલો મન બ્રિન્દાવન કી ઓર" પ્રચલિત ભજન રજૂ કર્યું હતું. આ ભાવસભર પેશકશથી જાણે કોઈ મંદિરમાં બેસીને ઈશ્વરની પ્રાર્થના સાંભળતા હોય તેવો ભાવ થતો હતો. પં. સાજનજી સાથે બનારસ ઘરાનાના વિનાયક સહાયે સુંદર સારંગીવાદન પ્રસ્તુત કર્યું હતું. તેમજ રાજકોટના જાણીતા કલાકાર નિરજ ધોળકિયા તબલામાં અને પલાશ ધોળકિયા હાર્મોનિયમમાં ખુબ સારી સંગત નિભાવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે સપ્તસંગિતીના પાયાના ઉદ્દેશો પૈકીનો એક આશય- યુવાઓમાં આપણી સંસ્કૃતિના વારસા સમાન શાસ્ત્રીય સંગીત સાથે યુવાઓને જોડવા માટે આજે હિંદુસ્તાની સંગીતના દિગ્ગજ કલાકાર પં. સાજન મિશ્રાજીએ રાજકોટ ખાતે તા. ૦૩ જાન્યુઆરીના સવારે સૌરાષ્ટ્રની યુવા પ્રતિભાઓ સાથે વાર્તાલાપ કરી તેમને માર્ગદર્શન પુરૂ પાડયું હતું. રાજકોટ અને સૌરાષ્ટ્રના અંદાજે ૩૦ થી ૪૦ વિદ્યાર્થીઓ આ સંવાદ સેશનમાં જોડાયા હતા. પંડીતજીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંગીત શીખવા કેવા સમર્પણ ભાવ જોઈએ, વિદ્યાર્થીમાં ગુરૂભક્તિ કેવી હોવી જોઈએ, સંગીતમાં એકેડમીક પદ્ધતિ તેમજ ગુરુ-શિષ્ય પરંપરા વચ્ચેનો ભેદ સમજાવ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપમાં તેમને સંગીત ક્ષેત્રે આગળ વધવામાં મુંજવતા પ્રશ્નોની પણ ચર્ચા કરી હતી. સાચા સુરની સમજ, સ્વર જ્ઞાન કેવી રીતે કેળવવું, વગેરે બાબતો તેમજ તેમના જીવનના અનુભવો પણ તેમણે વિદ્યાર્થેઓ સમક્ષ વર્ણાવ્યા હતા. તેમણે નીઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા સરકારી શાળાઓમાં ચલાવવામાં આવતા શિક્ષણના પ્રોજેકટની પણ સરાહના કરી હતી. સાથે જ હાલમાં નીઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા આ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને સંગીત તરફ વાળવા નિઃશુલ્ક સંગીતના વર્ગો શરુ કરવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ કરી તે પ્રોજેક્ટને પણ ખુબ બિરદાવ્યો હતો.

મનીષ વ્યાસ : ભારતીય સંગીત પ્રત્યે ચાહના ધરાવતા રાજકોટના પરિવારમાં જન્મેલા મનિષ વ્યાસની ભારતીય ફ્યૂઝન સંગીતની દુનિયામાં એક અનોખી ઓળખ છે. તેઓ ગાયક, સંગીતકાર અને મલ્ટી ઈન્સ્ટ્રૂમેન્ટાલીસ્ટ ક્ષેત્રમાં એક સારા કલાકાર તરીકે ઊભરી આવ્યા છે. તેમણે ગાયનની તાલીમ પંડિત જસરાજજીના વરિષ્ઠ શિષ્ય પં. રતન મોહન શર્માજી પાસે પ્રાપ્ત કરી છે. તેઓ શાસ્ત્રીય સંગીત, ભક્તિ સંગીત, સુફી અને લોકસંગીતમાં સારી પકડ ધરાવે છે. નવ વર્ષની ઉંમરે તેમણે મુંબઈમાં તબલાની તાલીમ જીંદે હસન પાસેથી અને ત્યારબાદ ઉસ્તાદ અલ્લારખા ખાન સાહેબ પાસે મેળવી છે. આ ઉપરાંત તેઓ હાર્મોનિયમ અને સંતુરવાદનમાં પણ ઊંડો રસ ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મનિષ વ્યાસ વર્ષોથી સ્વિત્ઝરલેન્ડ સ્થાયી છે, પરંતુ સપ્તસંગીતિના કાર્યક્રમમાં આમંત્રણને માન આપી રાજકોટ આવી રહ્યા છે. તેમણે વિદેશના ઘણા નામાંકિત બેન્ડ સાથે યુ.એસ.એ, ઈઝરાયેલ, યુરોપ, ઈન્ડિયા, સિંગાપુર વગેરે દેશોમાં કાર્યક્રમો આપ્યા છે. ત્યારબાદ પોતાનું બેન્ડ બનાવી ૧૦૦ કરતા પણ વધુ કાર્યક્રમો આપ્યા જેમાંનો યાદગાર કાર્યક્રમ ઈશા ફેસ્ટ કોઈમબતુરનો રહ્યો હતો જ્યાં પચાસ હજારથી પણ વધારે શ્રોતાઓએ તેમનું સંગીતને માણ્યું હતું. દુનિયાના લગભગ ૧૭૦ દેશોમાં તેમના ચાહકો છે જે ઉલ્લેખનીય બાબત છે તેમની સાથે ગ્રુપમાં કીબોર્ડ ઉપર હિરેન દવે, બાઝ ગિટાર ઉપર હિરેન પીઠડીયા, ફ્લૂટ ઉપર મેહુલ ધંધુકિયા, તબલા ઉપર હાર્દિક કાનાણી, ઢોલક ઉપર રાજેશ લિંબાચિયા, પરકશન ઉપર કેયુર બુધદેવ, વોકલ ઉપર ઋષિકેશ પંડ્યા, પ્રિયંકા શુક્લ અને હિના સુતરીયા સાથ આપશે.

પં. તેજેન્દ્રનારાયણ મજુમદાર (સરોદ) : પં. તેજેન્દ્રનારાયણ મજુમદાર ભારતના મહિયર ઘરનાના સુપ્રસિદ્ધ સરોદ વાદક પંડિત તેજેન્દ્રનારાયણ મજુમદારજીની તાલીમની શરૂઆત તેમના દાદા વિભૂતિરંજન મજુમદારજી પાસેથી થઈ હતી. ત્યારબાદ વર્ષો સુધી ઉસ્તાદ બહાદુર ખાન સાહેબ પાસેથી સરોદની ગહન તાલીમ મેળવી હતી. ગુરૂ ઉસ્તાદ બહાદુર ખાનજીના નિધન બાદ તેમણે અજય સિંન્હારોય તથા ઉસ્તાદ અલી અકબરખાન અને પંડિત રવિશંકરજી પાસેથી પણ સરોદની તાલીમ મેળવી છે. તેઓ સરોદ વાદનમાં દ્રુપદ અંગ તંત્રકારી તેમજ ગાયકી અંગની શૈલીઓને બખૂબી રીતે સંયોજિત કરી શકે છે. તેમને પ્રેસિડેન્ટસ ગોલ્ડ મેડલ, ડી.વી.પલુસ્કર એવોર્ડ તથા સંગીત નાટક એકેડેમી એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. શાસ્ત્રીય સંગીતની સાથે સાથે બંગાળી ફિલ્મોમાં પણ મ્યુઝિક ડિરેક્ટર તરીકે સંગીત આપ્યું છે. તેમણે દેશના નામાંકિત સંગીત સંમેલનો જેવા કે સપ્તક મ્યુઝિક ફેસ્ટિવલ અમદાવાદ, સવાઈ ગંધર્વ ભીમસેન મહોત્સવ પુને,



ડોવરલેન મ્યુઝિક કોન્ફરન્સ કલકત્તા, આઈ.ટી.સી. સંગીત સંમેલન કલકત્તા વગેરે જેવા ઉચ્ચ કોટીના સંગીત સંમેલનોમાં સરોદ વાદન પ્રસ્તુત કર્યું છે તેમણે કલકત્તા ખાતે ઉસ્તાદ અલી અકબર ખાનની યાદમાં સ્વર સમ્રાટ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે જેમાં દેશ-વિદેશના દિગ્ગજ કલાકારો પોતાની કલા પ્રસ્તુત કરે છે. આમ આ શાસ્ત્રીય સંગીત જગત માટે તેમનું યોગદાન નોંધનીય અને પ્રશંસનીય છે. તેઓ શ્રેષ્ઠ સરોદ વાદક હોવા ઉપરાંત એક બહુમુખી પ્રતિભાવન ગુરૂ પણ છે જેમણે અનેક શિષ્યોને તૈયાર કર્યા છે જેમાં યુવા પેઢીના ઉત્કૃષ્ટ કલાકાર તરીકે આપના સુપુત્ર ઈન્દ્રયુદ્ધ મજુમદારનું નામ ઉલ્લેખનીય છે.

રપં. સંજુ સહાય (તબલા) : પં. સંજુ સહાય બનારસ ઘરાનાના સુપ્રસિદ્ધ તબલા વાદક છે. ફક્ત નવ વર્ષની ઉંમરે બનારસ ખાતે તબલાવાદક તરીકે એકાકી પ્રદર્શન કરનાર તેઓ વિદ્વાન તબલા વાદક પંડિત શારદા સહાયજીના શિષ્ય તથા સુપુત્ર છે. અસાધારણ અને ઉત્કૃષ્ટ તબલાવાદક પંડિત સંજુ સહાયજી તેમની શક્તિ શુદ્ધતા અને ઉપજ અંગથી તેમના શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવા અને મોહિત કરવા માટે જાણીતા છે. પરંપરાગત ભારતીય સંગીતની સાથે સાથે તેઓ નિયમિતપણે વિવિધ શૈલીઓ જેમ કે જાઝ, ઈજિપ્શિયન,ઓપેરા, વેસ્ટન ક્લાસિકલ, બ્લૂઝ સંગીત તેમજ અન્ય સમકાલીન સંગીત સાથે પોતાની કલા પ્રસ્તુત કરી રહ્યા છે. તેમણે યુકે, યુરોપ, મિડલ ઈસ્ટ, યુએસએ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોના પ્રતિષ્ઠિત સભાગૃહોમાં કાર્યક્રમો આપ્યા છે. તેમણે પંડિત હરિપ્રસાદ ચોરસિયાજી, પંડિત શિવકુમાર શર્માજી, ઉસ્તાદ વિલાયત ખાન, ઉસ્તાદ શાહિદ પરવેઝજી, પંડિત બિરજુ મહારાજજી, પંડિત રાજન સાજન મિશ્રાજી, પંડિત જસરાજજી, પંડિત અજય ચક્રવર્તીજી, વિદૂષી કલા રામનાથજી જેવા અનેક દિગ્ગજ કલાકારો સાથે તબલા સંગત કરી છે. તેઓ એક સંપૂર્ણ સ્વતંત્ર તબલાવાદક ઉપરાંત એક શ્રેષ્ઠ ગુરૂ પણ છે તેઓ યુકે ખાતે સંગીતના વિદ્યાર્થીઓને ભારતીય સંગીત વિશે જ્ઞાન આપી રહ્યા છો જે એક ઉલ્લેખનીય બાબત છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આર્થિક વિકાસ માટે પ્રદૂષણ રોકવું જરૂરી

વાયુ પ્રદૂષણ અને આર્થિક વિકાસમાં સીધો સંબંધ છે. નિર્માણ ઉદ્યોગમાં ઉડતી ધૂળને રોકવામાં આવશે તો કન્સ્ટ્રક્શનનો ખર્ચ વધશે અને આર્થિક વિકાસ સુસ્ત પડશે. એ જ પ્રકારે ગાડીઓ અને ઉદ્યોગોના ઉત્સર્જન અને ખેડૂતો દ્વારા પરાળ બાળવાથી પ્રદૂષણ અવશ્ય થાય છે, પરંતુ તેનાથી અર્થવ્યવસ્થામાં માલનોખર્ચ ઘટે છે અને આર્થિક વિકાસને ગતિ મળે છે. જોકે પ્રદૂષણનો આ માત્ર સીધો પ્રભાવ છે. આ જ પ્રદૂષણના પરોક્ષ પ્રભાવ આર્થિક વિકાસથી વિપરીત હોય છે. જેમ કે ભારતમાં વાયુ પ્રદૂષિત થવાને કારણે વિદેશી રોકાણકાર અને વિદેશી પર્યટક નથી આવવા માગતા. તે સિવાય સ્વાસ્થ્ય પ્રભાવિત થવાથી લોકોની સરેરાશ ઉંમર ઘટે છે. જે વ્યક્તિ ૭૦ વર્ષ સુધી કામ કરીને આર્થિક વિકાસમાં યોગદાન આપી શકતો હતો, તે વ્યક્તિ પ્રદૂષણને કારણે બીમાર પડવાથી પચાસ વર્ષની ઉંમરમાં જ નિષ્ક્રિય થવા લાગે છે. સમગ્રતામાં જોઈએ તો પ્રદૂષણને રોકવું આર્થિક વિકાસ માટે લાભપ્રદ છે. આ આપણી અદૂરદર્શિતા જ છે કે આપણે પ્રદૂષણના માત્ર સીધા નકારાત્મક પ્રભાવને જ જોઈએ છીએ અને પરોક્ષ નકારાત્મક પ્રભાવની અવગણના કરીએ છીએ.

પ્રદૂષણ પર વધતી ચિંતાને જોતાં સરકારે પોતાના સ્તર પર કેટલાંક પગલાં ઉઠાવ્યાં છે. પહેલું, સૌર ઊર્જાને ઉત્તેજન આપવું, બીજું, ઘરે ઘરે એલપીજી સિલિન્ડર વિતરણ કરવું અને ત્રીજું શહેરોમાં મેટ્રો રેલનો વિસ્તાર. આ પગલાં ઉઠાવા માટે સરકારને ધન્યવાદ, પણ આ પગલાં પૂરતાં નથી. પ્રદૂષણ નિયંત્રણમાં સૌથી મોટીસ મસ્યા અમલની છે. ગાડીઓ દ્વારા પ્રદૂષણ ફેલાવવા વિરુદ્ધ પોલીસ દ્વારા બહુ ઓછાં પગલાં ભરવામાં આવે છે. એ જ પ્રકારે કન્સ્ટ્રક્શન ઉદ્યોગ માટે પણ વ્યાપક કાયદાકીય જોગવાઈઓ છે, પરંતુ તેને ગંભીરતાથી લાગુ નથી કરાતી. જેમ દિલ્હીના પર્યાવરણ મંત્રીએ એલાન કર્યું કે ૨૧ કન્સ્ટ્રક્શન એકમો પર વાયુ પ્રદૂષણ ફેલાવવા મામલે ૮.૩૫ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. કોઈ કન્સ્ટ્રક્શન પરિયોજનામાં હજારો કરોડ રૂપિયા દાવને જોતાં આ ઊંટના મોંમાં જીરા જેવું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવેલી કમિટીએ ક્યારેક-ક્યારેક કન્સ્ટ્રક્શન, દિલ્હીમાં બદરપુર વીજળી સંયંત્ર અને ડીઝલ જનરેટરો પર પ્રતિબંધ લગાવ્યો છે, પરંતુ આ સંકટ સમયે ઉઠાવવામાં આવતાં અલ્પકાલીન પગલાં છે. બિલકુલ એવાં જેમ દર્દીને તાત્કાલિક રાહત માટે આઈસીયુમાં ભરતી કરવામાં આવે છે. એવાં પગલાંથી મૂળ સમસ્યાનું સમાધાન નથી થતું. આ જ પ્રકારે ઉદ્યોગો દ્વારા કરાતા પ્રદૂષણથી બચવામાં સમસ્યા ઉપાયોના અમલમાં લાવવાના સ્તરે જોડાયેલી છે. અધિકારી તેમાં કડક પગલાં નથી ભરતા.

અર્થશાસ્ત્રમાં ‘પબ્લિક ગુડ્સ’ એટલે કે સાર્વજનિક બહેતરીની એક અવધારણા છે. જેમ કે એક કરોડ રૂપિયાના ખર્ચે કોઈ સડક બનાવવામાં આવે. જો સડક ન બનાવવામાં આવે તો એના પર જે લાખો લોકો ચાલે છે, તેમના જૂતાં ઘસાય, સમયની બરબાદી અને ગાડીઓના ટાયર ખરાબ થવાનો ખર્ચ માની લો ત્રણ કરોડ આવે છે. એવામાં સડક બનાવવી આર્થિક વિકાસ માટે લાભપ્રદ છે. એક કરોડના ખર્ચથી ત્રણ કરોડનો લાભ મળી શકે છે. આવાં કામોને પબ્લિક ગુડ્સ કહેવામાં આવે છે, જે મુખ્યત્વે સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવે છે. સરકારની જવાબદારી છે કે જનતા પાસે એક કરોડનો ટેક્સ વસૂલ કરીને સડક બનાવે. તેનાથી જનતા પણ ખુશ થશે, કારણ કે તેને ત્રણ કરોડની બચત થશે, જ્યારે એક કરોડ ટેક્સ આપવો પડશે. આ પ્રકારે આ વિષય નીતિનો નહીં, બલ્કે અમલનો બને છે. સરકારે અદૂરદર્શિતા છોડવી જોઈએ અને વાયુ પ્રદૂષણ પર નિયંત્રણ માટે પબ્લિક ગુડ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ગાડીઓ, કન્સ્ટ્રક્શન અને ઉદ્યોગો પર સખ્તાઈ કરવી જોઈએ. આ સખ્તાઈથી જેટલું જનતાને નુકસાન થશે, એનાથી કેટલાય ગણો વધારે લાભ મળશે. સમસ્યા એ જ છે કે એમના પર કાર્યવાહીથી પરિવહનનો ખર્ચ વધે છે, મકાન બનાવવાનો ખરચ વધે છે અને ઉદ્યોગો દ્વારા ઉત્પાદન ખર્ચ વધે છે અને આર્થિક વિકાસ મંદ પડે છે. તેમ છતાં જો સરકાર એના પર અમલ કરે તો આર્થિક વિકાસને ગતિ મળશે.

ત્રણ બિંદુઓ પર સરકારે નીતિ સુધારવી જોઈએ. પહેલું, પરાળ દહન વિશે છે. આપણે સમજવું જોઈએ કે પરાળ એક ઓર્ગેનિક ઉત્પાદન છે, જેનો ઉપયોગ કાગળ અથવા વીજળી બનાવવામાં કરી શકાય છે. તેને ખેતરમાં બાળી નાખવું અત્યંત હાનિકારક છે, કારણ કે આપણે વાયુ પ્રદૂષણની સાથે સાથે પોતાની બહુમૂલ્ય વસ્તુને બાળી રહ્યા છીએ. સરકારે ભારતીય ખાદ્ય નગમ એટલે કે એફસીઆઈને નિર્દેશ આપવા જોઈેં કે તે જે પ્રકારે ઘઉં અને ધાન્યની ખરીદી કરે છે, તે જ રીતે પરાળ પણ ખરીદે. પછીતેને કાગળ ઉદ્યોગ અથવા વીજલી સંયંત્રોને વેચી શકાયછે. સરકારને તેમાં થોડું નુકસાન થશે, કારણ કે પરાળને ખેતરથી ભરીને નિગમના ગોડાઉન સુધી લાવવામાં ખર્ચ થશે, જ્યારે પરાળનું વેચાણ સંભવતઃ ઓછા ભાવે થશે. આ નુકસાનને સરકારે વહન કરવું જોઈએ, કારણ કે સ્વચ્છ વાયુ એક પબ્લિક ગુડ્સ છે અને તેના માટે આ ખર્ચનું વહન કરવું જોઈએ. બીજું પગલું જળવિદ્યુત સાથે જોડાયેલું છે. એ સાચું કે જળવિદ્યુતથી સીધા કાર્બન ઉત્સર્જિત નથી થતો, પરંતુ જળવિદ્યુતથી ટિહરી જેવા મોટા સરોવરો દ્વારા મિથેન ગેસનું ઉત્સર્જન થાય છે, જે પર્યાવરણ માટેકાર્બન કરતાં ય વધારે હાનિકારક છે. જળવિદ્યુત પરિયોજનાઓમાં જંગલનાં જંગલ પાણીમાં ડૂબી જાય છે. એનાથી પણ વાયુ પ્રદૂષણ પર અસર પડે છે. સરકાર ઊર્જાના મોરચે સૌર અને પવન ઊર્જાને વ્યાપક પ્રોત્સાહન આપે અને એ યાદીમાંથી જળવિદ્યુત પરિયોજનાઓને હટાવે. ત્રીજી નીતિ એર કંડિશનર એટલે કે એસી સાથે જોડાયેલી છે. એવામાં વીજળીની ખપત વધુ થાય છે, જે અંતે પ્રદૂષણનું કારણ બને છે.

# ખંભાળિયામાં અનઅધિકૃત રીતે વેચાતું હતું ગેરકાયદેસર ડીઝલ : સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા - જામનગર માર્ગ ઉપર ગઈકાલે રાજ્યના સ્ટેટ મોનીટરિંગ સેલના પોલીસ સ્ટાફે દરોડો પાડી અને અહીંના દાતા ગામે ચાર શખ્સો દ્વારા મીલીભગત આચરીને ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલા ડીઝલનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં પોલીસે ૧૯,૫૦૦ લીટર ડીઝલ ભરેલો ડીઝલનો ટાંકો, સ્કોર્પિયો મોટરકાર વિગેરે મળી, કુલ રૂપિયા ૪૪.૧૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ આ પ્રકરણમાં ચાર શખ્સોને દબોચી લીધા છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના દાતા ગામ નજીકથી અનઅધિકૃત રીતે લાયસન્સ વગર ડીઝલનું વેચાણ થતું હોવા અંગેની માહિતી રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલ વિભાગને મળતા આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ સ્ટાફે શુક્રવારે બપોરના સમયે અહીં દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે ખંભાળિયા તાલુકાના દાતા ગામે રહેતા અને ટેક્રરનું ડ્રાઈવિંગ કામ કરતા મહેન્દ્રસિંહ ઉર્ફે દિગુભા રવુભા જાડેજા (ઉ.વ. ૨૪), દાતા ગામે રહેતા અને ખલાસી તરીકેનું કામ કરતા ત્રણ શખ્સો ભાવેશ રવાભાઈ સરસિયા (ઉ.વ. ૨૧) અને ધર્મરાજ ઉર્ફે ધમો જીતુભા જાડેજા (ઉ.વ. ૨૦) તથા પ્રદીપ ઉર્ફે પદીયો રવાભાઈ સરસિયા (ઉ.વ. ૧૯) નામના ચાર શખ્સોને ઝડપી લીધા હતા. વધુમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ઉપરોક્ત ચારેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી અને ગુનાહિત કાવતરૂ રચીને ડીઝલના ટેક્રરોના ચાલકો સાથે મળીને ડીઝલના ટેક્રરોમાં ડીઝલનો જથ્થો ભરીને નીકળતા ટેક્રરોમાંથી ડીઝલની ચોરી કરવામાં આવતી હતી. આટલું જ નહીં, કંપનીમાંથી ડીઝલનો જથ્થો જે સ્થળોએ ખાલી કરવાનો હોય, ત્યાં ખાલી નહીં કરીને જે-તે ટેક્રર ચાલકો દ્વારા પોતાના માલિક સાથે વિશ્વાસઘાત કરવામાં આવતો હતો. જેમાં ઉપરોક્ત શખ્સો દ્વારા ડીઝલ ચોરી કરી તેમજ અન્ય શખ્સો પાસેથી કરાવીને આ જથ્થો દાતા ગામે રહેતા મહેન્દ્રસિંહ ઉર્ફે દિગુભા જાડેજાના મકાનના ફળિયામાં સંગ્રહ કરીને રાખવામાં આવતો હતો. અહીં આરોપી શખ્સો દ્વારા કોઈપણ પ્રકારની ફાયર સેફટી કે અન્ય સાધનો રાખ્યા વગર તેમજ ડીઝલના સંગ્રહ-વેચાણ અંગે લાયસન્સ કે પરમિટ વગર ડીઝલનો જથ્થો સંગ્રહિત કરાયો હોવાનું જાહેર થયું છે. અહીંથી પોલીસે રૂપિયા ૭૨ હજારની કિંમતના ૮૦૦ લીટર ભરેલા ૪ બેરલ તેમજ રૂપિયા ૩,૬૦૦ની કિંમતનો ૪૦ લિટર ડીઝલ ભરેલો એક કેરબો, ૫૦,૩૦,૨૦ લિટર ડીઝલ ભરેલા અન્ય કેરબાઓ પણ પોલીસે કબજે લીધા હતા. આ ઉપરાંત આ સ્થળેથી પાંચ-પાંચ હજાર લિટરની ક્ષમતા વાળા કુલ ચાર ખાના સાથે ૨૦,૦૦૦ લિટરનું ટાટા કંપનીનું એક ટેક્રર પોલીસે કબજે લઈ તેમાંથી રૂપિયા ૧૭,૫૫,૦૦૦ ની કિંમતનો ૧૯,૫૦૦ લીટર ડીઝલનો જથ્થો તેમજ રૂા. ૧૦,૦૦,૦૦૦ ની કિંમતનું ઉપરોક્ત ટેક્રર તથા રૂપિયા ૧૫,૦૦,૦૦૦ ની કિંમતની જી.જે. ૩૭ એમ.બી. ૮૧ ૬૭ નંબરની સ્કોર્પિયો મોટરકાર તથા ડીઝલ કાઢવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્લાસ્ટિકની નળી, ડીઝલ માપવા માટેનું માપીયું, ગરણા, પાઈપ, હથોડી સહિતનો મુદ્દામાલ પણ કબજે લેવામાં આવ્યો છે. આમાં પ્રકરણમાં પોલીસે કુલ રૂપિયા ૪૪ લાખ ૧૩ હજાર ૯૦૦ ના મુદ્દા માલ સાથે ઉપરોક્ત ચારેય આરોપીઓની અટકાયત કરી લીધી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે સ્ટેટ મોનિટરિંગ સેલના એ.એસ.આઈ. ફિરોજભાઈ બ્લોચની ફરિયાદ પરથી ઉપરોક્ત ચારેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે. ખંભાળિયામાં સ્ટેટ મોનિટરિંગ સેલના સ્ટાફ દ્વારા કરવામાં આવેલા આ નોંધપાત્ર દરોડાની કામગીરીએ સ્થાનિક વર્તુળમાં ભારે ચર્ચા સાથે ડીઝલ ચોરી કરતા તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરાવી છે.

# ખંભાળિયા નજીકની ખાનગી કંપનીમાં થયેલી વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા-જામનગર હાઈવે માર્ગ ઉપર આવેલી એસ્સાર કંપનીમાં તાજેતરમાં થયેલી વાયર ચોરીના નોંધાયેલા ગુનામાં એલ.સી.બી. પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અને આ વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે એલ.સી.બી. સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયાથી જામનગર તરફ જતા ધોરીમાર્ગ ઉપર આવેલી એસ્સાર કંપનીમાંથી કિંમતી વાયરની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. આ સમગ્ર પ્રકરણમાં એલ.સી.બી.ના એ.એસ.આઈ. સજુભા જાડેજા, ડાડુભાઈ જોગલ, હરપાલસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ સહદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ટીંબડી ગામના વાડી વિસ્તારમાં આવેલા એક મંદિરની પાછળ રહેતા આલી કરીમ સંઘાર નામના શખ્સ દ્વારા તેના મળતિયાઓ સાથે મળીને એસ્સાર કંપનીમાં કેબલ વાયરની ચોરી કરી હતી અને આ મુદ્દામાલ તેના ઘરે હોવાથી સ્થાનિક ગુના શોધક શાખાના સ્ટાફ દ્વારા અહીં દરોડો પાડવામાં આવ્યો હતો. આ સ્થળેથી શંકાસ્પદ હિલચાલ ધરાવતા આલી ઉર્ફે આલો કરીમ આમદ સંઘાર (ઉ.વ. ૩૫), નાના આંબલા ગામના અકબર અબ્બાસ સંઘાર (ઉ.વ. ૨૮) અને સિરાજ ઓસમાણ ઘાવડા (ઉ.વ. ૨૯, રહે. ટીંબડી) નામના ત્રણ શખ્સોની અટકાયત કરી અને આગવી ઢબે પૂછપરછ કરતા આરોપીઓએ ઉપરોક્ત ચોરીની કબુલાત આપી હતી. આ પ્રકરણમાં પોલીસે ૧૦૫ કિલોગ્રામ વાયર તેમજ અન્ય મુદ્દામાલ મળી, કુલ રૂપિયા ૧,૧૨,૦૫૦ નો મુદ્દામાલ કબજે કરી, વધુ તપાસ અર્થે આરોપીઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસિયા, એ.એસ.આઈ. સજુભા જાડેજા, ડાડુભાઈ જોગલ, સહદેવસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ નકુમ તેમજ વિશ્વદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલી લેટરકાંડ મામલે પાયલ ગોટીના જામીન મંજૂર થતા કોર્ટ સંકુલમાં પાટીદાર સમાજમાં ખુશીનો માહોલ



(જી.એન.એસ)

અમરેલી, તા.૬

શુક્રવારે પાટીદાર દીકરીની જામીન અરજીને લઈને સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી અમરેલીના ચર્ચાસ્પદ લેટરકાંડ મામલામાં કોર્ટે પાયલ ગોટીના જામીન મંજૂર કર્યા હતા. જેને પગલે કોર્ટ સંકુલમાં પાટીદાર સમાજમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમરેલીના આ બહુચર્ચિત લેટરકાંડમાં પાયલ ગોટીની પોલીસે ધરપકડ કરી હતી. અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પરંતુ વિવાદ ત્યારે વકર્યો જ્યારે પોલીસે કથિત લેટરકાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઈપીસ્ટનું કામ કરતી પાટીદારની દીકરીનું સરઘસ કાઢ્યું હતું. જે મુદ્દે ભારે વિરોધ થયો હતો, ત્યારે શુક્રવારે પાટીદાર દીકરીની જામીન અરજીને લઈને સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમા કોર્ટે યુવતીના જામીન મંજૂર કર્યા છે. કોર્ટનો ચુકાદો આવતા જ કોર્ટ પરિસરમાં ઉપસ્થિત પાટિદાર સહિતના સમાજના લોકોએ ખુશી વ્યક્ત કરી હતી. સેશન્સ કોર્ટે પંદર હજારના બોન્ડ પર પાયલ ગોટીને રેગ્યુલર જામીન આપવામાં આવ્યા છે. જો યોગ્ય સમયે તમામ કાર્યવાહી થઈ જશે તો આજે જ પાયલ ગોટી જેલમાંથી મુક્ત થઈ જશે. યુવતીના વકીલ સંદીપ પંડ્યાએ કોર્ટમાં દલીલ કરી હતી કે, ‘રાત્રે ૧૨ વાગ્યે એક સ્ત્રીને ઘરમાંથી દબોચી લેવામાં આવે છે, આ કયા પ્રકારનું પોલીસ તંત્ર છે? પોલીસ તંત્રએ રાજકીય દબાણમાં કામ કરી માર માર્યો તેમજ કોર્ટમાં રિમાન્ડ માંગ્યા હતા, બાદમાં ગત રોજ ૧૬૯ નો રિપોર્ટ ફાઈલ કરીને એવું કહેવામાં આવે છે કે, આ બેન વિરુધ ગુનો નથી બનતો. યુવતીની ઉંમર ૨૫ વર્ષની છે, ત્યારે લગ્ન જીવન શરૂ થતા પહેલાં જે તેની આબરૂ નિલામ કરવામાં આવી છે તેની ખોટ કોણ પૂરશે?’ અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામ વાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરાયો હતો. આ મામલે કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જાણકારી આપી હતી. નકલી લેટરપેડમાં ધારાસભ્ય કૌશિક વેકરીયા પર ગંભીર આરોપો મુકાયા હોવાથી વેકરીયાના સમર્થકો ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. સમગ્ર મામલો જિલ્લા પોલીસ વડા સુધી પહોંચતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સાયબર ક્રાઈમ સહિતની પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા ધારાસભ્યને બદનામ કરવાનું કાવતરું ઘડનારા ભાજપના પૂર્વ હોદેદાર સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વક્ફ બોર્ડના નામે દુકાન ખાલી કરાવવાનો વિવાદ વકર્યો

# વક્ફ બોર્ડના નામે ૩ દુકાનો ખાલી કરાવવા મુદ્દે રાજકોટ પહોંચ્યા હર્ષ સંઘવી

## નવાબ મસ્જિદની ૩ જેટલી દુકાનોનાં વેપારીઓની દુકાનનાં તાળા તોડી સામાન બહાર ફેંકી દેવામાં આવ્યો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ, તા.૬

રાજકોટમાં વક્ફ બોર્ડના નામે દુકાન ખાલી કરાવવાનો વિવાદ વકર્યો છે. ત્યારે વક્ફ બોર્ડના નામે ૩ દુકાનો ખાલી કરાવાના વિવાદ વચ્ચે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી રાજકોટ પહોંચ્યા છે અને તેઓ સ્થળ મુલાકાત લેશે. તમને જણાવી દઈએ કે રાજકોટમાં વક્ફ બોર્ડનાં નામે દાણાપીઠમાં ત્રણ દુકાનોનાં તાળા તોડી સામાન બહાર ફેંકવા મામલે એ ડિવિઝન પોલીસ કાર્યવાહી કરાઈ અને ૯ વ્યક્તિઓની ધરપકડ કરી હતી, જેમાં નવાબ મસ્જિદ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ફારુક મુસાણી પણ સામેલ છે. નવાબ મસ્જિદની ૩ જેટલી દુકાનોનાં વેપારીઓની દુકાનનાં તાળા તોડી સામાન બહાર ફેંકી દેવામાં આવ્યો હતો, જે બાદ ભારે વિવાદ સર્જાયો હતો. રાજકોટમાં વક્ફ બોર્ડના નામે દુકાન ખાલી કરાવવાનો વિવાદમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર પોસ્ટ કરી છે. જેમાં આરોપીઓના ફોટો સાથે ગૃહ રાજ્યમંત્રી ટ્વીટ કરી લખ્યું છે કે, ખાલી કરાવેલી દુકાન ફરીથી ખુલી ગઇ છે અને ગેરકાયદે પ્રવૃત્તિથી લોકોને હેરાન થવા નહીં દઈએ, આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે’. આરોપ છે કે ફારૂક મુસાણીએ વકફ બોર્ડનાં નામે આ દુકાનો ખાલી કરાવી હતી. રાજકોટનાં દાણાપીઠ વિસ્તારમાં વક્ફ બોર્ડનાં નામે દાદાગીરીથી ત્રણ દુકાનોનાં તાળા તોડીને સામાન બહાર ફેંકી ખાલી કરાવવા મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. એ ડિવિઝન પોલીસ દ્વારા ૯ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં નવાબ મસ્જિદ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ફારુક મુસાણી પણ સામેલ છે.

આ ઘટના બાદ વકફ બોર્ડનાં ડાયરેક્ટર આસિફ સલોતનું નિવેદન પણ સામે આવ્યું હતું. તેમણે કહ્યું, દુકાન ખાલી કરવાનો વકફ બોર્ડનો પત્ર છે તે સાચો છે. પરંતુ, નવાબ મસ્જિદનાં ટ્રસ્ટી ફારૂક મુસાણીએ પત્રનો ખોટો અર્થ કાઢ્યો. પત્રમાં નિયમ મુજબ ખાલી કરાવવાનો ઉલ્લેખ છે. ટ્રસ્ટીએ તાળા તોડી, સામાન રોડ પર ફેંકી દીધો તે અયોગ્ય છે. ભાડુંઆતને નોટિસ આપી પોલીસ બંદોબસ્ત સાથે રાખી દુકાન ખાલી કરાવવી જોઈએ. તેમણે કહ્યું કે, મિલકત ભાડુંઆતને પરત સોંપી દેવામાં આવી છે. મિલકત મુદ્દે વકફ બોર્ડનાં નવા આદેશ બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## યુવતીના આપઘાતથી પરિવારમા કરૂણ કલ્પાંત

# રાજકોટમાં તબીબ યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

## ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી. તબીબ યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે

રાજકોટ, તા.૬

રાજકોટમાં તબીબ યુવતીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. માણાવદરની જલ્પા ઘોસિયાએ સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાસે ફલેટમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આત્મહત્યાનું કારણ હજુ અકબંધ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી. તબીબ યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે.

માણાવદરના નાનડીયા ગામના વતની અને રાજકોટમાં સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાસે રહેતા મહિલા તબીબે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. યુવતીના આપઘાતથી પરિવારમા કરૂણ કલ્પાંત સર્જાયો છે. તબીબ યુવતીના મોતનુ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામા આવ્યો છે.


સમગ્ર અહેવાલ અનુસાર, જૂનાગઢ જિલ્લાના માણાવદરના નાનડીયા ગામની વતની અને રાજકોટમા સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાસે આવેલા ફલેટમાં રહેતી બીએચએમએસ તબીબ જલ્પાબેન ઘોસીયા નામની ૨૮ વર્ષની યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. યુવતીના મોત અંગે નાનડીયા ગામે રહેતા પરિવારને જાણ કરતા પરિવારમાં પણ કલ્પાંત સર્જાયો છે. ગામમાં ખબર પડતા ગમગીની છવાઈ જવા પામી હતી. પોલીસે સ્થળ પર જરૂરી કાર્યવાહી કરી યુવતીના મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

પ્રાથમિક પુછપરછમાં મૃતક જલ્પાબેન ઘોસીયા મુળ માણાવદરના નાનડીયા ગામની વતની હતા. તેઓ બે ભાઈઓની એકની એક બહેન હતા. જલ્પાબેન ઘોસીયાના પિતા ખેતીકામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. જલ્પાબેન ઘોસીયા રાજકોટમાં સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાસે ફલેટમાં ભાડે રહેતા હતા. યુવતીની મિત્રએ તેને કોલ કર્યો હતો પરંતુ જલ્પાએ ફોન રીસીવ ન કરતા તે ઘરે પહોંચી હતી. ત્યારે તબીબ યુવતી જલ્પા ઘોસીયાનો મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. તબીબ યુવતીના આપઘાત પાછળનુ કારણ જાણવા પોલીસે તપાસ શરુ કરી છે.

### સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પોસ્ટ ઉપર કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાઈ

# રાજ્યના પોલીસ બેડાના વધુ ૨૪૦ જેટલા એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી

### વર્ષ ૨૦૨૪માં ૩૪૧ પીએસઆઈ, ૩૩૫૬ કોન્સ્ટેબલ સહિતનાઓને બઢતી અપાઈ



ગાંધીનગર,તા.૬

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટેના પ્રયત્નો વચ્ચે સરકા દ્વારા વધુ ૨૪૦ એએસઆઈ ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી છે. ચાલુ વર્ષે પી.એસ.આઈથી લઈને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે. કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, જેને લઈને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. વર્ષ-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૪૧ પી.એસ.આઈને પી.આઈ, ૩૯૭ એ.એસ. આઈને પી.એસ.આઈ, ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૩૧ કલેરીકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. આ નિર્ણયથી રાજ્યની લૉ એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે.

# રાજ્યમાં સ્વરોજગાર લોન યોજનાની ૨૦૨૪નો અંત છતાં જાહેરાત ન કરાતાં હજારો લાભાર્થી વંચિત

### યોજનાની નવી જાહેરાત તથા અમલ નહીં કરાય તો આંદોલન કરવાની કોંગ્રેસની ચીમકી

અમદાવાદ,તા.૬

વર્ષ ૨૦૨૪નો અંત છતાં ‘સ્વરોજગાર લોન યોજના’ની જાહેરાત કરવામાં આવી નથી. કોંગ્રેસનો આક્ષેપ છે કે, સરકાર આ યોજના બંધ કરી દીધી છે? વર્ષ ૨૦૨૩ના ૪ જિલ્લાના અરજદારોને છેક દોઢ વર્ષે ૨૦૨૪માં મેળ પડ્યો તે સરકારના નબળા અમલીકરણનું ઉદાહરણ છે. વર્ષ ૨૦૨૩ના ૪૪૪૭ પૈકી માત્ર ૯૭૧ને લોન આપવામાં આવી તે સરકારના ૨૫૦૦ના લક્ષ્યાંકનું માત્ર ૩૮.૮% જ છે તે સરકારની ‘સ્વરોજગાર લોન યોજના’ના અમલીકરણની સ્પષ્ટ નિષ્ફળતા છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ હતું કે, ગુજરાત રાજ્યની ભાજપ સરકાર રોજગારના દાવા કરે છે, આત્મનિર્ભરની ગુલબાંગો પોકારે છે, ત્યારે જમીની હકીકત તેનાથી વિપરીત છે. ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અપાતી બિન અનામત વર્ગને ‘સ્વરોજગાર લોન યોજના’ હેઠળ ૪૦ વ્યવસાય માટેની લોનની જાહેરાત જ અપાઈ નથી તો અરજીઓ ક્યાંથી સ્વીકારાય હોય ? ગુજરાતના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩માં જાહેરાત બહાર પડાઈ હતી, તેમાં ૪૪૪૭ જેટલા અરજદારોએ અરજી કરી હતી. સરકાર દ્વારા પોતે ૨૫૦૦ જેટલા અરજદારોને લોન આપી શકાય તેવો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો હતો. તેનો માત્ર ૩૮.૮% લક્ષ્યાંક જ પૂરો કરી શકી છે તે સરકારની યોજનાના અમલીકરણની અસફળતાનું પ્રતિબિંબ છે. વર્ષ ૨૦૨૩ના ૪૪૪૭ અરજદારો પૈકી માત્ર ૯૭૧ અરજદારોને લોન ફાળવવા આવી હતી. ભાજપ સરકાર પોતાના ૨૫૦૦ યુવાનોના લક્ષ્યાંકને પૂરો નથી કરી શકી તે સરકારની યોજના લાગુ કરવા અને અમલીકરણની સ્પષ્ટ નિષ્ફળતા છે. વર્ષ ૨૦૨૩ના માર્ચમાં અરજી કરનાર બનાસકાંઠા, પાટણ, મેહસાણા અને મહીસાગરના અરજદારોને છેક દોઢ વર્ષ બાદ ૨૦૨૪માં લોન ફાળવવામાં આવી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ઢંગધડા વગરના વહીવટથી ગુજરાતના બેરોજગાર યુવાનોમાં આક્રોશ અને નારાજગી છે. ભાજપ સરકાર અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪ “સ્વરોજગાર લોન યોજના” હેઠળની જાહેરત કેમ બહાર પાડવામાં આવી નથી અને અરજીઓ કેમ સ્વીકારવામાં આવી નથી? શું સરકારએ યોજના બંધ કરી દીધી છે ? તો સરકારો કચેરી દ્વારા વર્ષ ૨૦૨૪માં યોજના સંબંધી માહિતી કેમ માંગવામાં આવી હતી ? શું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે પૂરતું ભંડોળ નથી? આ યોજના હેઠળ ૧૦ લાખ રૂપિયા સુધીની લોન અપાય છે. ગત વર્ષના ૩૪૭૬ લોન વંચિત અને ગુજરાતના હજારો નવા અરજદાર યુવાનો આત્મનિર્ભર બનવામાં જાહેરાતની રાહ જોઈ રહ્યા છે, અનેક વિસ્તારના યુવાનોની ફરિયાદ છે કે નિયત કરેલ ડોક્યુમેન્ટ્સ સિવાય વધારાના ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૩ના અરજદારો જેમને છેક વર્ષ ૨૦૨૪માં લોન મંજૂર કરવામાં આવી છે, તેમની જોડે તલાટીના પ્રમાણપત્ર ઉપરાંત ટાઈટલ ક્લિયર જેવા ડોક્યુમેન્ટ્સ માંગી કનડકત ઉભી કરવામાં આવી રહી છે, તેવી ફરિયાદો ઉઠી રહી છે તેની સરકાર દ્વારા તપાસ કરવામાં આવે. ગુજરાત સરકાર ગ્રામીણ યુવાનોને સરકારી યોજનાઓમાં લાભ મળે તે માટે સરકારી પ્રક્રિય સરળ બનવી જોઈએ, જેથી અરજદારોને સરળતા થાય. ગુજરાત સરકાર દ્વારા ‘સ્વરોજગાર લોન યોજના’ની નવી જાહેરાત અને અરજીઓ નહિ સ્વીકારવામાં આવે તો અરજદારોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે.

# પૂર્વ લદાખ સરહદે ભારતીય સેનાએ શિવાજીની પ્રતિમાનું અનાવરણ કરતા અનેક સવાલ ઉઠ્યા

### બંને દેશોના લશ્કરી જવાનો વચ્ચે જ્યાં મોટી અથડામણ થઈ હતી એ સ્થળ પેંગોંગ ત્સો સરોવર ખાતે પ્રતિમા બનાવવામાં આવતા જાણકારોએ પ્રતિક્રિયા આપી કે સરહદ ઉપર આવી પ્રતિમાની જરૂર શું હતી, સીમા ઉપર આ પ્રકારે પ્રતિમા મૂકવાનું કામ અપ્રસ્તુત અને અયોગ્ય



નવી દિલ્હી, તા.૬


છત્રપતિ શિવાજી મહારાજની અપ્રતિમ સાહસ શૌર્યની અને અડીખમ શક્તિઓની ઉજવણી અને સન્માનના ભાગરૂપે પૂર્વ લદાખ સરહદ ઉપર ભારતીય લશ્કરની ટુકડી દ્વારા શિવાજીની પ્રતિમાનું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી અંગે મિશ્ર પ્રતિક્રિયા આવી રહી છે. કેટલાક વિવેચકોએ પ્રશંસા કરી છે તો ભારતીય સેનાના વરિષ્ઠ પૂર્વ અધિકારીઓ અને પૂર્વ પીઠ સૈનિકો તેમજ સ્થાનિક લોકોએ અહીં પૂતળાની આવશ્યકતા અંગે સવાલો ઉઠાવ્યા છે અને આ કામગીરી અયોગ્ય ગણાવી છે. કેટલાક લોકોએ એવી ટીકા કરી છે કે ભારતીય સરહદ ઉપર જે ચીન સાથેની છે ત્યાં આ પ્રકારની પ્રતિમા ઊભી કરવાનું અપ્રસ્તુત છે. ૨૦૨૦માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે જ્યાં લોહીયાળ અથડામણ થઈ હતી એ પેંગોંગ ત્સો સરોવર પાસે આ પ્રતિમા મૂકવામાં આવી છે. ભારતીય સેનાના લેહ ખાતેના ફાયર અને ફ્યુરિ કોર યુનિટ દ્વારા પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ એવી પોસ્ટ મૂકવામાં આવી હતી કે સરહદ ઉપર પેંગોંગ ત્સો સરોવરના કાંઠે શિવાજી મહારાજની એક અદ્ભુત પ્રતિમા બનાવવામાં આવી છે જે ૧૪,૩૦૦ ફૂટ ઊંચાઈ ઉપર આવેલી સીમા ઉપર મૂકવામાં આવી છે. શૌર્ય દીર્ઘદષ્ટિ અને અવિચળ ન્યાયના પ્રતીક સમાન છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ લેફ્ટનન્ટ જનરલ હિતેશ ભલ્લાએ કર્યું હતું. આ પ્રસંગે મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રીના કર્નલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફાયર એન્ડ ફ્યુરી યુનિટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે છત્રપતિ એવા ભારતીય શાસક હતા જેમનો વારસો અનેક પેઢીઓ માટે પ્રેરણા નું મૂળ બન્યું છે. દરમિયાન ચુશુલ વિસ્તારના કાઉન્સિલરે આ કામગીરી સામે વાંધો લીધો છે અને અસહમતિ બતાવી છે. આ વિસ્તારના મ્યુનિસિપલ કાઉન્સિલરે જણાવ્યું હતું કે, એક સ્થાનિક નાગરિક તરીકે સરોવરના કાંઠે શિવાજીની પ્રતિમા મૂકવા બાબતે હું ચિંતા વ્યક્ત કરી રહ્યો છું કેમ કે અમારા અહીંના વિલક્ષણ પર્યાવરણ તથા હવામાન અને વન્યજીવન સાથે આ પ્રતિમા બંધબેસતી નથી અને બિલકુલ પ્રસ્તુત નથી. અહીં અમારા સમાજ અને પ્રકૃતિ માટે જરૂરી હોય અને તેને અનુકૂળ હોય એવા તમામ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપવી જોઈએ. લશ્કરના સૂત્રોએ એવું જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ફરજ ઉપર મૂકાયેલી મરાઠા રેજીમેન્ટના રાષ્ટ્રીય રાઈફલ યુનિટ દ્વારા પ્રતિમા મૂકવામાં આવી છે. જ્યારે કેટલાક પૂર્વ લશ્કરી અધિકારીઓએ એવો અભિપ્રાય આપ્યો છે કે શિવાજીની પ્રતિમા મૂકવાના બદલે જેમણે લદાખ જીતવામાં સિંહફાળો આપ્યો હતો એ ડોગરા કિંગ ગુલાબ સિંગના જનરલ જોરાવરસિંહની પ્રતિમા અહીં મૂકવી જરૂરી હતી. જોરાવર સિંઘે તિબેટના પણ કેટલાક હિસ્સા ચીન પાસેથી ઊંચકી લીધા હતા.લદાખથી સંસદની ચૂંટણી લડનાર સજ્જાદ કારગીલીયે જણાવ્યું હતું કે આ ખૂબ જ પર્યાવરણની દૃષ્ટિએ અને લશ્કરી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર છે અને વધુ તો એ કે લદાખમાં છત્રપતિ શિવાજી મહારાજનું કોઈ સાંસ્કૃતિક કે ઐતિહાસિક મહત્વ નથી એટલે આ પ્રતિમા અહીં પ્રસ્તુત નથી. એમના વારસાને અમે પણ માન આપીએ છીએ પરંતુ અહીં એમની પ્રતિમા અપ્રસ્તુત ગણાય. મેજર જનરલ બી.એસ. ધનોઆ અને કર્નલ સંજય પાંડેએ પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પણ જનરલ જોરાવરસિંહના પૂતળાને અહીં મૂકવા ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે તેમણ લદાખ જીતી લીધા ઉપરાંત છેક માનસરોવર સુધીના વિસ્તારો ઉપર કબજો કરી લીધો હતો અને તિબેટ માટે લડતા લડતા તેઓ શહીદ થયા હતા એટલે જ લેહના કિલ્લાને જોરાવર કિલ્લો કહેવામાં આવે છે. તો અહીં શિવાજીની પ્રતિમા શું કામ ? સંજય પાંડે કહે છે કે હું ખુદ મહારાષ્ટ્રનો છું અને ડોગરા યુનિટનો છું ૧૮૦ વર્ષ પહેલાં જોરાવરસિંહે મહાન લડત ચલાવી હતી એટલે એમનું પૂતળું અહીં મૂકવું એ વધારે લાયક ગણાય.

# આપની પૂજારીઓ માટેની યોજનાને શરૂ કરતાં કેજરીવાલ, ભાજપે એમને “ચુનાવી હિન્દુ” ગણાવ્યા અને યોજનાની ટીકા કરી

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે જાહેર કરેલી પૂજારી ગ્રંથિ સન્માન યોજનાનો ભાજપે વિરોધ કર્યો છે અને ટીકા શરૂ કરી છે. તેનો જોરદાર જવાબ આપતા કેજરીવાલે એવા આક્ષેપ કર્યો હતો કે, ભાજપ પાયા વગરની ટીકા કરી રહ્યો છે. દિલ્હીના તમામ મંદિરોના પૂજારીઓ અને ગુરૂદ્વારાઓના ગ્રંથિઓને દર મહિને રૂા.૧૮,૦૦૦નું માનદવેતન આપવાની યોજનાનો તેમણે શુભારંભ કરાવ્યો હતો. ભાજપે કેજરીવાલની યોજનાની અને ચૂંટણી વચનની મજાક ઉડાવી છે અને કેજરીવાલને “ચૂનાવી હિન્દુ” ગણાવ્યા છે કેજરીવાલના ગળામાં રૂદ્રાક્ષ અને ફૂલોના હારની તસવીરનું પોસ્ટર બહાર પાડીને ભાજપે એમની મજાક કરી કેજરીવાલને તકવાદી ગણાવ્યા. કેજરીવાલે ભાજપની ટીકાના વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે, ભાજપ આ યોજના બાબતે મને ભાંડી રહ્યો છે જ્યારથી પૂજારી ગ્રંથિ સન્માન યોજના શરૂ કરી છે ત્યારથી ભાજપ મારી ટીકા કરી રહ્યો છે પણ હું એમને સવાલ કરવા માંગું છું કે, મને ભાંડવાથી કે મારી ટીકા કરવાથીદેશને ફાયદો થશે ? તમારી પાસે તો ૨૦ રાજ્યોમાં તમારી સરકાર છે અને ગુજરાતમાં તમે ૩૦ વર્ષથી સત્તા ઉપર છો તો અત્યાર સુધી તમે કેમ પૂજારીઓ અને ગ્રંથિઓને સન્માન આપ્યું નથી ? ચાલો હવે આ કરી બતાવો. મેં દરેકને રસ્તો બતાવ્યો છે એટલે મારી ટીકા કરવાના બદલે તમે તમારા ૨૦ રાજ્યમાં શું કામ આ યોજના લાવતા નથી અને ફાયદો આપતા નથી પણ મને જ શું કામ ગાળો જ આપ્યા કરો છો ? કેજરીવાલે કહ્યું હતું કે, મારી સરકારે અન્ય લોકોને પણ અનુસરવા જેવીપરંપરા શરૂ કરી છે. હું અને મારી પત્ની આ યોજનાનો આરંભ કરાવી રહ્યા છીએ અને કનોટુ પ્લેસમાં આવેલા હનુમાન મંદિરથી અમે યોજના શરૂ કરી છે. જ્યારે મુખ્યમંત્રી આતિશીજી કરોલ બાગમાં આવેલા ગુરૂદ્વારાથી પણ આ યોજના શરૂ કરાઈ છે. આ યોજના શરૂ થઈ ત્યારથી આપ અને ભાજપ વચ્ચે જોરદાર રાજકીય યુદ્ધ શરૂ થયું છે. દિલ્હી ભાજપના પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ એવી ટકોર કરી હતી કે, પોતાના પક્ષ ઉપરથી અંકુશ ગુમાવી રહેલા એક નેતાના આ હતાશાભર્યા અને લોકરંજક પ્રયાસ છે. ભાજપ નેતાએ કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ એક પરાજિત અને હતાશ નેતા છે એટલે સત્તા ઉપર ટકી રહેવા માટે લોકરંજક યોજનાઓ રોજ જાહેર કરે છે. જો તમે બધું ગુમાવી રહ્યા હો ત્યારે તમને રામ નામ યાદ આવે છે. દિલ્હી સરકારે કોર્ટમાં જવાબ આપવાનો છે કે, મૌલવીઓની જેમ પૂજારીઓને ગ્રંથિઓને કેમ ચૂકવણું કરવામાં આવ્યું નથી. આ સવાલનો જવાબ આપવો ન પડે એટલા માટે આ યોજના જાહેર કરી દીધી છે.

# ૭૭ મીટર લાંબો, ૧૦ મીટર પહોળો : ભારતનો પ્રથમ ગ્લાસ બ્રિજ તમિલનાડુમાં ખુલ્લો મૂકાયો



(એજન્સી) તા.૬


કન્યાકુમારીમાં સમુદ્ર ઉપર દેશનો પ્રથમ કાચનો પુલ બનાવવામાં આવ્યો છે. આ પુલ ૭૭ મીટર લાંબો છે જે વિવેકાનંદ મેમોરિયલ અને તિરૂવલ્લુવર સ્ટેચ્યુને જોડે છે અને હવે લોકો બોટ વિના સ્મારકથી પ્રતિમા સુધી જઈ શકે છે. આ પુલ ૩૭ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. તમિલનાડુમાં કન્યાકુમારીના સમુદ્રમાં દેશનો પ્રથમ કાચનો પુલ બનાવવામાં આવ્યો છે. સીએમ એમ.કે. સ્ટાલિને તાજેતરમાં આ કાચના પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પુલ બે પ્રાચીન વસ્તુઓને જોડવાનું કામ કરશે. આ કાચના પુલનો ઉપયોગ કરીને હવે લોકો વિવેકાનંદ મેમોરિયલથી તિરૂવલ્લુવર પ્રતિમા સુધી પહોંચી શકશે. હવે લોકોને સ્મારકથી પ્રતિમા સુધી જવા માટે કોઈપણ પ્રકારની બોટની જરૂર નહીં પડે. આ પુલ ૩૭ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ પુલ ૧૦ મીટર પહોળો અને ૭૭ મીટર લાંબો છે. આ ઉપરાંત આ બ્રિજ ઉપર સુરક્ષાનું સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે. તિરૂવલ્લુવરની પ્રતિમા પૂર્વ સીએમ એમ. કરૂણાનિધિ દ્વારા વર્ષ ૨૦૦૦માં સ્થાપિત કરવામાં આવી હતી. આ પ્રતિમાના નિર્માણને ૨૫ વર્ષ થવા જઈ રહ્યા છે. આ પ્રસંગે રાજ્યમાં રજત જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. સિલ્વર જ્યુબિલીની ઉજવણી નિમિત્તે ત્રણ દિવસીય ઉજવણીના પ્રારંભે ગ્લાસ ફાઈબર બ્રિજને ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ પુલ ટૂંક સમયમાં લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. સમુદ્ર ઉપર બનેલો દેશનો પહેલો કાચનો પુલ ૭૭ મીટર લાંબો અને ૧૦ મીટર પહોળો છે. આ પુલ લોકોને સંપૂર્ણ સલામતી સાથે એક અલગ ચિત્ર જોવાનો મોકો આપશે. જ્યાં તેઓ પુલ ઉપરથી વિવેકાનંદ મેમોરિયલ અને તિરૂવલ્લુવર સ્ટેચ્યુ જોઈ શકે છે. ઉપરાંતતેઓ સૂર્યોદય અને સૂર્યાસ્તનો આનંદ માણી શકે છે. જો તેઓ કાચના પુલ ઉપરથી નીચે જોશે તો તેઓને સમુદ્ર દેખાશે.

# એલોન મસ્કે H-1B વિઝામાં ફેરફારની દરખાસ્ત કરી તેમાં લઘુતમ પગાર અને અન્ય સુધારા કરવાનું સૂચન કર્યું

(એજન્સી) તા.૬

યુ.એસ.માં કુશળ વિદેશી કામદારોને લાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રોગ્રામનો બચાવ કરતા ટેક અબજોપતિએ તેનું સમર્થન કરવાના શપથ લીધા પછી, એલોન મસ્કને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B વિઝા ઉપરના તેમના વલણ ઉપર સમર્થન મળ્યું છે. મસ્કને ભારતીય-અમેરિકન ટેક ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામી સાથે ટ્રમ્પ દ્વારા તેમના ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)નું નેતૃત્વ કરવા માટે કહેવામાં આવ્યું હતું, તેમણે ગયા અઠવાડિયે દલીલ કરી હતી કે મસ્કની સ્પેસએક્સ અને ટેસ્લા જેવી ટેક કંપનીઓ માટે વિદેશી કામદારોની જરૂર છે. ગયા અઠવાડિયે, ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો, એલોન મસ્ક અને વિવેક રામાસ્વામી વચ્ચે ઈમિગ્રન્ટ વિઝાના વિષય ઉપર વિવાદ થયો હતો. આ બંને ટેક ઉદ્યોગ સાહસિકો, જેઓ આવનારા ટ્રમ્પ વહીવટી તંત્રમાં પ્રભાવશાળી હોદ્દા ધરાવશે તેવી અપેક્ષા છે, તે સમયે મસ્કે H-1B વિઝા પ્રોગ્રામને સમર્થન આપ્યું હતું. જો કે, બાદમાં એક યુઝર સાથેની વાતચીતમાં, મસ્કે H-1B ઉપર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે જણાવ્યું હતું કે પ્રોગ્રામને લઘુતમ પગારમાં નોંધપાત્ર વધારો કરીને અને H-1B વિઝા જાળવવા માટે વાર્ષિક ખર્ચ ઉમેરીને સરળતાથી નિશ્ચિત કરી શકાય છે. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે યુએસ કંપનીઓને સૈદ્ધાંતિક અથવા તકનીકી કુશળતાની જરૂર હોય તેવા વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને નોકરી આપવાની મંજૂરી આપે છે. ટેક્નોલોજી કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે તેના ઉપર નિર્ભર છે. યુ.એસ.માં ઉચ્ચ કુશળ કામદારોને આકર્ષવા માટે ટેક ઉદ્યોગે લાંબા સમયથી વધુ H-1B વિઝાની માંગણી કરી છે. ટ્રમ્પના પ્રથમ વહીવટીતંત્રે ૨૦૨૦માં પ્રોગ્રામને પ્રતિબંધિત કર્યો હતો. મસ્ક પણ એક સમયે H-1B વિઝા ઉપર હતા અને જેની ઈલેક્ટ્રિક વાહન કંપની ટેસ્લાએ પ્રોગ્રામનો ઉપયોગ કરીને કામદારોને રાખ્યા છે, તેણે વિદેશી કામદારોને લાવવાની તકનીકી ઉદ્યોગની જરૂરિયાતનો બચાવ કર્યો હતો અને કહ્યું કે, કોઈપણ જાતિ, સંપ્રદાય અથવા રાષ્ટ્રીયતા સાથે જેઓ અમેરિકામાં આવ્યા અને આ દેશમાં યોગદાન આપવા માટે કામ કર્યું છે, તેમના માટે હંમેશા મને સન્માન રહેશે. અમેરિકા સ્વતંત્રતા અને તકની ભૂમિ છે. તેને જાળવી રાખવા માટે હું લડત આપીશ. આ દરમ્યાન એલોનની આગેવાની હેઠળની રોકેટશિપ ફર્મ SpaceXએ બે મિશન શરૂ કર્યા છે. ૨૦૨૪નું છેલ્લું પ્રક્ષેપણ કરાયું છે જે ૨૧ ઉપગ્રહોને તૈનાત કરવા માટેનું સ્ટારલિંક મિશન છે.

# ૨૦૨૩-૨૪માં ભારતની કુલ તમાકુની નિકાસ રૂા.૧૨,૦૦૦ કરોડને વટાવી ગઈ



(એજન્સી) તા.૬

તમાકુ ઉદ્યોગની ટકાઉપણું અને વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે તમાકુ બોર્ડે અનેક વ્યૂહાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી છે. આમાં સ્થાનિક અને નિકાસ બંને માંગને પહોંચી વળવા માટે પાક આયોજન અને ઉત્પાદનના નિયમનનો સમાવેશ થાય છે. બોર્ડ આયાત કરતા દેશોના ધોરણોને પૂર્ણ કરવા માટે જરૂરી ગુણવત્તાના તમાકુના ઉત્પાદન માટે સહાય પૂરી પાડીને ખેડૂતોને ટેકો આપે છે. તમાકુ ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે સંસદના એક અધિનિયમ ‘ધ ટોબેકો બોર્ડ એક્ટ ૧૯૭૫ (૧૯૭૫નો અધિનિયમ ૪)’ દ્વારા ૧ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ તમાકુ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. બોર્ડની પ્રાથમિક ભૂમિકા ખેતી પ્રણાલીની સરળ કામગીરીને સુનિશ્ચિત કરવાની અને તમાકુના ખેડૂતોને વાજબી અને ફળદાયી ભાવ સુનિશ્ચિત કરવાની અને નિકાસને પ્રોત્સાહન આપવાની છે. ગુણવત્તાયુક્ત તમાકુના ઉત્પાદન માટે જરૂરી ઈનપુટ્સ તેમજ ખેડૂતોને બેંકો દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. બોર્ડ ટકાઉ તમાકુની ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે વિસ્તરણ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં પણ જોડાય છે. ચીન પછી ભારત વિશ્વમાં તમાકુનું બીજું સૌથી મોટું ઉત્પાદક છે. ચીન, બ્રાઝિલ અને ઝિમ્બાબ્વે પછી ભારત વિશ્વમાં FCV તમાકુનું ચોથું સૌથી મોટું ઉત્પાદક છે. બ્રાઝિલ પછી ભારત બિનઉત્પાદિત તમાકુ (વોલ્યુમની દષ્ટિએ)નો બીજો સૌથી મોટો નિકાસકાર છે. તમાકુની નિકાસ ભારતીય તિજોરીમાં મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણનું યોગદાન આપે છે. ૨૦૨૩-૨૪ દરમ્યાન ભારતીય તમાકુની નિકાસનું મૂલ્ય રૂા.૧૨,૦૦૫.૮૯ કરોડ (યુએસ ડૉલરમાં ૧૪૪૯.૫૪) સુધી પહોંચ્યું હતું. ખેડૂતો માટે વધુ સારી કિંમતની શોધ અને સુરક્ષિત લાભદાયી કિંમતો સુનિશ્ચિત કરવા માટે, તમાકુ બોર્ડે FCV તમાકુ માટે IT-સક્ષમ ઈલેક્ટ્રોનિક હરાજી સિસ્ટમ લાગુ કરી છે. વધુમાં ભારતની તમાકુની નિકાસ જાળવવા અને સુધારવા માટે નિકાસ પ્રોત્સાહન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તમાકુના ખેડૂતો માટે કલ્યાણકારી પગલાં લંબાવવામાં આવ્યા છે, જે જરૂરિયાતના સમયે અનુદાન અને લોનના સ્વરૂપમાં નાણાકીય રાહત આપે છે.

# ખોડલધામથી સોમનાથ મંદિર સુધીની પદયાત્રાનું સમાપન

## નરેશ પટેલે સોમનાથ મહાદેવ સોમેશ્વર મહાપૂજા, ધ્વજારોહણ કર્યા




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે ખોડલધામથી સોમનાથ સુધીની ૧૧ મી પદયાત્રાનું સમાનપ થયું હતું. તા.૧ જાન્યુઆરીથી ખોડલધામથી સોમનાથ સુધીની પદયાત્રા તા.૪ જાન્યુઆરી શનિવારે સવારે ૧૧ વાગ્યે સોમનાથ આવી પહોંચતા હર-હર મહાદેવ..ના નાદથી મંદિર ગુંજી ઉઠયું હતું.

ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ પદયાત્રા સોમનાથ આવી પહોંચતા સર્વેએ મહાદેવને ગંગાજળ અભિષેક, દર્શન-પૂજન કર્યા હતા. ગઈકાલ તા.પ જાન્યુઆરીના રોજ નરેશ પટેલ સહિત સર્વે સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા કરી હતી અને સોમનાથ મંદિરે ધ્વજારોહણ કર્યુ હતું.

સોમનાથ મંદિરે પત્રકાર મિલનમાં નરેશ પટેલે જણાવ્યું હતું કે, તેઓ દર મહિને સોમનાથ દર્શને આવતા રહે છે અને દર બે ત્રણ વર્ષે સોમનાથ સુધીની પદયાત્રા યોજાતી રહેતી હોય છે. પહેલા આ યાત્રા રાજકોટથી યોજતા હતા અને હવે છેલ્લા કેટલાક વર્ષોથી ખોડલધામથી યોજીએ છીએ. સોમનાથ પાસે ભક્તિ સિવાય બીજું કંઈ માગવાનું હોય નહીં પરંતુ અત્યારે જે સમસ્યાઓ ચાલી રહી છે તેનો અંત આવે તેવી મહાદેવ અને માં ખોડલ પાસે પ્રાર્થના કરીએ.

આ પદયાત્રામાં ૬૭ પદયાત્રીઓ સતત છેક સુધી પદયાત્રા કરી હતી જેમાં નરેશ પટેલ, શિવરાજ પટેલ, ભરત બોદર, સંજય પાદરીયા, વિરાજ સોરઠીયા અને વિશાલ સાવલીયાનો સમાવેશ થાય છે. માર્ગમાં અન્ય લોકો પદયાત્રામાં જોડાતા રહયા હતા. સોમનાથ ખાતે સોમનાથ ટ્રસ્ટ સલામતી અધિકારી ઉમેદસિંહ જાડેજા આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.


# બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ જૂનાગઢ ખાતે "DIY KIT"ની બે દિવસીય તાલીમ યોજાઈ




જૂનાગઢ, તા.૬

બહાઉદ્દીન સરકારી આર્ટ્સ કોલેજ જૂનાગઢ ખાતે આચાર્ય ડો.જે. આર.વાંઝાની પ્રેરણાથી ઈનોવેશન કલબ અંતર્ગત **"DIY KIT"**ની બે દિવસીય તાલીમનું કોલેજ ખાતે તા.૨/૧/૨૦૨૫ અને તા.૩/૧/૨૦૨૫ રોજ આયોજન કરવામાં આવ્યું. **Robockart** કંપની તરફથી સાહિલ એચ. સૌરા દ્વારા તાલીમ આપવામાં આવી. **Phase-2** ની તાલીમમાં મુખ્ય **Basic Electronics kit, Advanced Electronics Kit** તથા **mechanical kit** અંગે વિદ્યાર્થીઓને ઉંડાણપૂર્વકનું માર્ગદર્શન પ્રેકટીકલ સાથે આપવામાં આવ્યું. અત્રેની કોલેજના સેમ-૨, ૪ અને ૬ ના કુલ ૮૭ જેટલા વિદ્યાર્થીઓ ખુબજ જીજ્ઞાસા સાથે રસ પૂર્વક તાલીમમાં જોડાયા. ભાગ લીધો. કોલેજના પ્રિ. ડૉ. જે. આર. વાંઝા સાહેબે પ્રેરણાત્મક ઉદબોધન દ્વારા વિદ્યાર્થીઓ તાલીમ માટે પ્રોત્સાહિત કર્યા. અત્રેની કોલેજના સિનિયર અધ્યાપક ડો. પી. વી. બારસીયાસર દ્વારા વર્તમાન સમયમાં તાલીમની ઉપયોગીતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમનું વ્યવસ્થાકીય સંચાલન ઈનોવેશનના કો-ઓર્ડીનેટર ડો.દીનાબેન લોઢીયા એ કરેલ તથા ઈનોવેનના ક્લબના સભ્ય ડો.રાજીવ ડાંગર દ્વારા સમગ્ર તાલીમની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી. જીજ્ઞાશાવૃતિ અને કઈક નવું શીખવાની તાલાવેલી સાથે વિદ્યાર્થીઓ તાલીમમાં ઉત્સાહભેર જોડાયા. વિધાર્થીઓને તાલીમની સાથે તેમના મનમાં મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે તાલીમ આપનાર સાહિલ એચ. સૌરા સતત તત્પર રહયા. ટેકનોલોજીના સમયમાં આવી તાલીમ યુવા વર્ગ માટે ખુબજ ઉપયોગી નીવડશે એવી આશા રાખી શકાય. આ બે દિવસીય તાલીમમાં બધા વિદ્યાર્થીઓએ પ્રાયોગિક કાર્ય દ્વારા પોતાનામાં રહેલી કુશળતા બતાવવાનો સફળ પ્રયાસ કર્યો. સરકાર શ્રી ગાંધીનગર અને કેસીજી દ્વારા આપવામાં આવેલ **DIY KIT** થી વિદ્યાર્થીઓને માહિતગાર કરી અને તેના દ્વારા વધુને વધુ નવસંશોધન થાય એ ઉદ્દેશ્ય સાથે આ તાલીમ પૂર્ણ કરવામાં આવી. કોલેજના અધ્યાપકો હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરેલ હતો.

# અદાણી પોર્ટસએ કાર્ગો હેન્ડલિંગમાં વિક્રમો સજર્યા મુંદ્રા અને તુણા પોર્ટની નોંધપાત્ર સિદ્ધિઓ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૬

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક્સ ઝોન **(APSEZ)**ના ડિસેમ્બરના કુલ કાર્ગો વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૮%નો વધારો નોંધાયો છે. કંપનીએ કન્ટેનર વોલ્યુમમાં ૨૨% અને લીક્વીડ અને ગેસમાં વાર્ષિક ધોરણે ૭% નો ઉમેરો કરી કુલ ૩૮.૪ મિલિયન મેટ્રિક ટન **(MMT)** રેકોર્ડ કર્યો છે. જ્યારે લોજિસ્ટિક્સ રેલ વોલ્યુમમાં ૦.૪૮ મિલીયન **TEUs ( 9% YoY)** અને **GPWIS** ૧૬.૧ સ્ સ્ વોલ્યુમ્સ (૧૩%) નોંધાયુ હતું. અદાણી પોર્ટસ મુન્દ્રા મરીન ટીમની નોંધપાત્ર સિદ્ધિઓની વાત કરીએ તો, ૨૦૨૪માં સતત ચોથા મહિને મરીન વિભાગે જહાજો હેન્ડલ અને મુવમેન્ટ્સ કરવામાં રાષ્ટ્રીય રેકોર્ડ્સ તોડ્યા છે. સપ્ટેમ્બરમાં ૩૮૦ જહાજો અને ૭૮૩ મુવમેન્ટ્સ, ઓક્ટોબરમાં ૩૯૩ જહાજો અને ૮૨૩ મુવમેન્ટ્સ, નવેમ્બરમાં ૩૯૬ જહાજો અને ૮૪૫- મુવમેન્ટ્સ તો ડિસેમ્બર ૪૦૬ જહાજો અને ૮૭૬ મુવમેન્ટ્સના વિક્રમો સર્જ્યા છે. આ તરફ તુણા પોર્ટે પણ ડિસેમ્બર ૨૦૨૪ માં નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે. માર્ચ ૨૦૨૪ માં સેટ કરેલા ૧૫ જહાજોના અગાઉના રેકોર્ડને વટાવીને તુણાએ કુલ ૧૮ જહાજો સાથે એક મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ જહાજોનું હેન્ડલિંગ કર્યું છે. ગત અઠવાડિયે અદાણી પોર્ટ્સે રૂ.૪૫૦ કરોડના અત્યાધુનિક આઠ હાર્બર ટગ્સ માટે કોચીન શિપયાર્ડને ઓર્ડર આપ્યો હતો. અદાણી પોર્ટ્સનો આ ઓર્ડર મેક ઈન ઈન્ડિયા હેઠળ અત્યાર સુધીનો સૌથી મોટો ઓર્ડર છે. કંપની પ્રવકતાના જણાવ્યા અનુસાર કંપનીનું લક્ષ્ય વિશ્વ કક્ષાની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓનો લાભ લઈને 'મેક ઈન ઈન્ડિયા' પહેલમાં યોગદાન આપવાનો છે. અદાણી પોર્ટ્સે અગાઉ કોચીન શિપયાર્ડને ૬૨ ટનના બે ટગના બાંધકામનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જે બંને સમય પહેલાં ડિલિવરી કરવામાં આવી હતી અને પારાદીપ પોર્ટ અને ન્યૂ મેંગલોર પોર્ટ ખાતે તૈનાત કરવામાં આવી હતી. **APSEZ** દ્વારા ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ લક્ષ?યાંક થકી મુખ્યત્વે ડોમેસ્ટિક કાર્ગોમાં ૧૨% ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ થવાની ધારણા છે, જ્યારે દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા અને મધ્ય પૂર્વ જેવા મુખ્ય બજારોમાં સ્થાનિક ઓપરેટરો સાથે ભાગીદારી દ્વારા આંતરરાષ્ટ્રીય કાર્ગો પણ વૃદ્ધિ પામશે.

# જામનગર માટે જોયેલા પિતાના સપના સાકાર કરીને બતાવીશ : અનંત અંબાણી

જામનગર, તા.૬

જામનગરમાં રિલાયન્સની ઓઈલ રિફાઈનરીની સ્થાપનાના ૨૫ વર્ષ પૂરાં થવા પર આયોજિત સમારોહમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર અનંત અંબાણીએ પ્રાણીઓ પ્રત્યેના તેમના પ્રેમ અને વનતારા વિશે ચર્ચા કરી હતી. અનંત અંબાણીએ તેમના દાદા ધીરુભાઈ અંબાણીને યાદ કરતાં કહ્યું કે મારા દાદાએ એક સપનું જોયું હતુ કે એક એવી રિફાઈનરી બનાવવામાં આવે જે વિશ્વમાં સર્વશ્રેષ્ઠ હોય. ૨૫ વર્ષ પહેલા મારા દાદાના કાળમાં મારા પિતા મુકેશ અંબાણીએ એ સપનું પૂરું કર્યુ. આજે હું એ વાતને લઈને આભારી છું કે મને બે મહાન પુરુષોનો વારસો મળ્યો છે. અનંત અંબાણીએ જામનગરમાં રિલાયન્સના કર્મચારીઓ અને પરિવારની હાજરીમાં સંકલ્પ લેતા કહ્યું હતુ કે હું આજે પવિત્ર દિવસે મારા પિતાને વચન આપું છું કે જામનગરને લગતાં તેમના જે પણ સપના છે તે હું સાકાર કરીશ.

અનંત અંબાણીએ તેમની માતા નીતા અંબાણીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે મારી મમ્મીએ જે રીતે મને પશુ-પક્ષીઓ સાથે પ્રેમ કરતાં શીખવાડ્યું છે એ જ રીતે હું વનતારાથી પ્રેરણા લઈને આપ સૌને અપીલ કરું છું કે તમે પણ મને અનુસરજો અને પશુ-પક્ષીઓને પ્રેમ આપજો. તેમણે કહ્યું કે વનતારાએ સાબિત કરી દીધું કે રિલાયન્સ પશુ-પક્ષીઓનો પણ એટલો ખ્યાલ રાખે છે કે જેટલું માનવીનું ધ્યાન રખાય છે. તેમણે કહ્યું કે મને વિશ્વાસ છે કે આજથી ૨૫ વર્ષ બાદ જ્યારે ભારતની સ્વતંત્રતાની સદી પૂરી થશે ત્યારે જામનગરની ગરીમા અને ગૌરવને આપણે સૌ મળીને સફળતાના શિખરે લઈ જઈશું.

# જૂનાગઢની જનતા મનપાની ચુંટણીમાં ફરી છેતરાશે નહીં તેવું મક્કમ મન બનાવી લીધું છેઃ ભરત અમીપરા

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ મહાનગર પાલિકાએ પાંચ વર્ષ સુધી જૂનાગઢની જનતા અને વેપારીઓ તેમજ રાહદારીઓ, વાહનચાલકોને ખખડધજ રસ્તાઓ ઉપર ધુળની ડમરીઓ ઉડતી સહન કરાવી હવે પાંચ વર્ષ બાદ ચુંટણી ટાણે તંત્ર સફાળુ જાગીને જૂનાગઢ શહેરમાં ચારેય તરફના રોડ ખોદીને જનતા અને વાહનચાલકોની મુશ્કેલીમાં ભયંકર વધારો કરેલ છે.

જૂનાગઢ શહેરના વૈભવ ચોકથી ઝાંસીની રાણીના સર્કલ સુધી મોટી સંખ્યામાં નામચિન હોસ્પિટલો આવેલી છે તે એક બીજી હોસ્પિટલોએ એમ્બ્યુલેન્સમાં ઈમરજન્સી દર્દીને લઈ જવા માટે તળાવ રોડ પણ તંત્રએ બંધ કરી દિધેલ છે જેના કારણે સરદારબાગથી ગાંધીચોક સુધી સતત ટ્રાફીકથી એમ્બ્યુલેન્સને મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેના કારણે કોઈ માનવીનું જીવ પણ જોખમમાં મુકાય શકે છે માટે મહાનગરપાલિકાએ રીનોવેશનના નામે તળાવ રોડની બંન્ને સાઈડો બંધ કરવાની જરૂરત ન હતી. જૂનાગઢ મહાનગરપાલીકાનુ તંત્ર પાંચ વર્ષે ચુંટણી સમયે સફાળુ જાગીને તમામ રોડની સુવિધા આપશે તો પણ જૂનાગઢની જાગૃત અને હોશિયાર શિક્ષિત જનતા વારંવાર છેતરાશે નહીં.

જૂનાગઢ શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી જૂનાગઢની જનતાએ આર્થિક રકમના તગડા હાઉસ ટેક્સ અને રોડ ટેક્સ ભર્યા હોવા છતાંય સારા રસ્તા કે રોડ પાણી ગટરની સારી સુવિધા મળેલ નહી અને હવે ચુંટણી સમયે ફરીવાર જૂનાગઢની જનતાને છેતરીને મહાનગરપાલિકામાં ભાજપનું શાસન આવે તેવા હવાતીયા મારતી ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગરપાલિકાના વહીવટીતંત્રને દબાણ નાખીને તાત્કાલિક ચુંટણી પહેલા રોડ રસ્તા બને તેવી અંદરખાને સુચનાઓ અપાયેલ હોય તે શક્યતાઓને જરા પણ નકારી શકાય તેમ નથી. જેના કારણે જૂનાગઢ મહાનગરપાલિકાના તંત્રએ જૂનાગઢના ૫૦% રોડ બંધ કરીને ખોદી નાખેલ છે જેનો સામનો જૂનાગઢની જનતા અને ઈમરજન્સી દર્દીને સારવાર માટે લઈ જતી એમ્બ્યુલેન્સને અને વાહનચાલકોને કરવો પડે છે. તે ભોગવેલ મુશ્કેલીના દિવસો ચુંટણી સમયે જૂનાગઢની જનતા થોડી ભુલવાની? તેવો કટાક્ષ જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ કરેલ છે.

વધુમાં ભરત અમીપરાએ જણાવ્યું છે કે જૂનાગઢની જનતા સમજદાર, હોંશિયાર અને શિક્ષિત છે. આવનારી ચુંટણીમાં ભ્રષ્ટાચારી ભાજપના શાસનને વિદાય આપી જડબાતોડ જવાબ આપશે. કારણ કે, જૂનાગઢની જનતાને તેની મહેનત પસીનાની કમાણીથી આર્થિક રકમના રોડ પાણી અને ગટરની સારી સુવિધા માટે તગડા ટેક્સો ભરેલ છે તે ટેકસની રકમ ભ્રષ્ટ્રાચારી ભાજપની તેજુરીમાં ગયેલ છે જેના કારણે જૂનાગઢની જનતા અને વેપારીઓએ પાંચ વર્ષ સુધી ખખડધજ રસ્તાઓ અને ધુળની ડમરીઓ સહન કરવાનો વારો આવેલ છે. જેથી જૂનાગઢની જનતા ફરી છેતરાશે નહી તેવો મક્કમ મન બનાવીને જનતા તૈયારીમાં છે તેવું જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાની યાદીમાં જણાવેલ છે.

# પ્રજાશક્તિ ડેમોક્રેટીક પાર્ટીના પ્રદેશ મહામંત્રી પદે રણજીતસિંહ ધિલ્લોનની નિમણૂંકને આવકાર




ગાંધીનગર તા. ૬

ગુજરાતના લોકપ્રિય નેતા, અભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. રાજેન્દ્રસિંહજી રાઠોડ તથા પ્રદેશ અધ્યક્ષ દાંતા નરેશ મહારાણા તથા રિદ્ધિરાજસિંહજી પરમાર દ્વારા પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગુજરાત પ્રદેશના મહામંત્રી તરીકે રણજિતસિંઘ ધિલ્લોનની નિમણૂંક કરવા બદલ પાર્ટીના હાઈકમાન્ડનો પ્રદેશ સંગઠન મંત્રી, પ્રજા શક્તિ ડેમોક્રેટીક પાર્ટીના જયપ્રકાશ ઠાકર દ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ છે. તથા ગુજરાત રાજય સરકારના નિકાસ નિગમના પૂર્વ ચેરમેન રણજિતસિંઘ ધિલ્લોનને ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવેલ છે. આ તકે રણજીતસિંહ ધિલ્લોને જણાવ્યું હતું કે, પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી તરીકે મારી નિમણૂંક કરવા બદલ તથા મારામાં વિશ્વાસ મૂકી મને આ જવાબદારી સોંપવા બદલ મારા રાજકીય ગુરૂ શંકરસિંહજી વાઘેલા, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ.રાજેન્દ્રસિંહજી રાઠોડ તથા પ્રદેશ અધ્યક્ષ દાંતા નરેશ મહારાણા તથા રિદ્ધિરાજસિંહજી પરમારનો હું હૃદયપુર્વક આભાર માનું છું. તેમજ મને સંગઠનના કામમાં હંમેશા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપનારા સૌ વડીલો, આગેવાનો, સાથી મિત્રો તથા સૌ કાર્યકરો-શુભેચ્છકોનો પણ હું હૃદયથી આભાર માનું છું તથા મને મળેલી આ નવી જવાબદારીમાં આપ સૌનો સાથ સહકાર હંમેશા મળતો રહે તેવી આશા રાખું છું તેવી લાગણી રણજીતસિંહ ધિલ્લોને વ્યકત કરી હતી.

# ડૉ. સુભાષ મહિલા કોલેજમાં સ્વાલંબી ભારત અભિયાન અંગે વ્યાખ્યાન યોજાયું



જૂનાગઢ, તા.૬

ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં સ્વાવલંબી ભારત અભિયાન અંગે વિશેષ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ સ્વાવલંબન ભારત અભિયાન તળે યોજાયેલા કાર્યક્રમની શરૂઆત સ્મરણાંજલિ ગાનથી થઈ હતી.ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડો.બલરામ ચાવડા એ સ્વાગત કરી જરૂરી ભૂમિકા બાંધી આપી હતી.

છેલ્લા બે વર્ષથી આખા દેશમાં સ્વદેશી જાગરણ મંચના માધ્યમથી સ્વાવલંબી ભારત અભિયાન ચાલી રહ્યું છે. જેમાં ખાસ યુવાનોને નોકરી મેળવવા રાહ જોવાના બદલે સ્વાવલંબન તરફ વાળવા માટે તેની માનસિકતા બનાવવાનું કાર્ય કરે છે. એમ.એમ.ઘોડાસરા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો. દિનેશ ડઢાણીયા દ્વારા યુવાનોને જુદાજુદા વ્યવસાયો માટેની તાલીમ અને આર્થિક યોગદાન ક્યાંથી કઈ રીતે મેળવવું તે અંગે વિસ્તૃત માહિતી આ વ્યાખ્યાનમાં આપતા જણાવ્યું હતું કે, આત્માનિર્ભર દેશ એટલે એવો દેશ કે જે દેશ-વિદેશી એ પણ વસ્તુની આયાત ના કરતો હોય સંપૂર્ણપણે તે દેશ પોતાના ઉત્પાદન પર જ નિર્ભર હોય અહીં વિદેશ વેપાર શૂન્ય થઈ જઈ શકે છે કેમકે આપણે બીજા દેશની ચીજવસ્તુની આયાતના કરીએ તો આપણા દેશની ચીજ વસ્તુ પર પણ બીજા દેશો પ્રતિબંધ લાદી શકે છે.

આ બાબતે પણ વિચારવું જોઈએ,દરેક દેશની ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવા સમાન હોતી નથી પણ તેમ છતાં આપણે આ દિશામાં આગળ વધવું જોઈએ. સ્વાવલંબી દેશ એટલે એવો દેશ કે જે માત્ર દેશના ઉદ્યોગોને જરૂરી એવા તમામ પ્રકારના કાચા માલની આયાત કરે અને તૈયાર માલની નિકાસ કરે દરેક પ્રકારની જરૂરી વસ્તુ પોતાના જ દેશમાં બનાવે તે માટે કાચા માલની આયાત કરે અને ત્યાં સુધી બીજી કોઈ પણ વસ્તુની આયાત ન કરે આ બધુ યુવાનોથી શક્ય બને એમ છે.

આ પ્રસંગે ડો.પિયુષ મર્થક અને અન્ય અધ્યાપકો હાજર રહ્યાં હતા. ડો.પ્રધુમ્ન ખાચર દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમો યોજવા બદલ સંસ્થાના ટ્રસ્ટીદ્ જવાહરભાઈ ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ અંગે નવો પ્લાન

# કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શનના ડ્રાફટ નિયમો જાહેર કર્યા

નવી દિલ્હી, તા. ૬

આજના સમયમાં દરેક વ્યક્તિના હાથમાં સ્માર્ટફોન છે. નાનાથી લઈને વૃદ્ધ સુધી દરેક સોશિયલ મીડિયા પર એક્ટિવ છે. જ્યાં એક તરફ સોશિયલ મીડિયાના ફાયદા છે તો બીજી તરફ તેના ગેરફાયદા પણ છે.

હવે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવવા માટે માતાપિતાની સંમતિ લેવી પડશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ **(DPDP)** નિયમો માટે ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા છે. ૧૮મી ફેબ્રુઆરી સુધી મળેલા વાંધા-સૂચનોના આધારે બેઠકમાં ફેરફાર કરવામાં આવશે અન્યથા ચાલુ રાખવામાં આવશે. પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન નિયમોની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. સરકારે હવે તૈયાર કરેલા ડ્રાફ્ટમાં નિયમોના ભંગ બદલ કોઈ શિક્ષાત્મક કાર્યવાહીનો ઉલ્લેખ નથી. હવે સરકારે નિયમો જાહેર કરવા અંગે લોકો પાસેથી અભિપ્રાય માંગ્યો છે. આ અંગે અંતિમ નિર્ણય ૧૮ ફેબ્રુઆરી પછી લેવામાં આવશે. જેમાં લોકોના અભિપ્રાયને ધ્યાને લેવામાં આવશે. આ સાથે નિયમોનું પાલન ન કરનાર કંપનીઓ પર દંડ પણ ફટકારવામાં આવશે. આ નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ-૨૦૨૩ની કલમ ૪૦ની પેટા-કલમ (૧) અને (૨) ની સત્તાનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારે અધિનિયમ લાગુ થયાની તારીખ અથવા ત્યારબાદ બનાવવામાં આવનાર સૂચિત નિયમોનો ડ્રાફ્ટ લોકોની જાણકારી માટે જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આ ડ્રાફ્ટ નિયમો પર ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ પછી વિચારણા કરવામાં આવશે. આ નિયમમાં ડેટા ફિડ્યુશિયરી પર ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો દંડ લગાવવાની જોગવાઈ છે.

# ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધામાં ૧૧૯૩ સ્પર્ધકોએ ભાગ લીધો

- ૩૮ મીનીટના સમય સાથે સીનીયર બહેનોમાં જાડા રીંકલ પ્રથમ
- ૫૯.૧૪ મીનીટના સમય સાથે સીનીયર ભાઈઓમાં વાઘેલા શૈલેષભાઈ પ્રથમ
- ૩૭.૫૫ મીનીટના સમય સાથે જુનીયર બહેનોમાં ગજેરા જશુબેન પ્રથમ
- ૦૧.૦૪.૨૦ કલાકના સમય સાથે જુનીયર ભાઈઓમાં સોલંકી અજયકુમાર પ્રથમ













જૂનાગઢ,તા.૬

૩૯ મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા જોમ અને જુસ્સા સાથે રાજયના સૌથી ઉંચા પર્વત ગિરનારને સર કરવા ૧૧૯૩ સ્પર્ધકોએ દોટ મુકી હતી.

આ સ્પર્ધામાં સીનીયર બહેનોમાં ૩૮ મીનીટના સમય સાથે ની જાડા રીંકલે મેદાન માર્યું હતુ. સીનીયર ભાઈઓમાં વાઘેલા શૈલેષભાઈએ ૫૯.૧૪ મીનીટના સમય સાથે ગિરનાર સર કર્યો હતો. જુનીયર બહેનોમાં ગજેરા જશુ એ ૩૭.૫૫ મીનીટના સમય સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતુ. જયારે જુનીયર ભાઈઓમાં સોલંકી અજયકુમારે ૧.૪.૨૦ મીનીટના સમય સાથે પ્રથમ સ્થાને વિજેતા થયો હતો.

પવિત્ર ગિરનારની ભુમીમાં સવારે ખુશનુમા વાતાવરણમાં ૬-૪૫ કલાકે ભાઈઓના પ્રથમ ચરણની સ્પર્ધાનો આરંભ ધારાસભ્ય સંજયભાઈ કોરડિયાએ ફલેગ ઓફ થી પ્રારંભ કરાયો હતો.

આ સ્પર્ધામાં અન્ય વિજેતાઓમાં સિનિયર ગર્લ્સમાં દ્વિતીય ક્રમે આણંદના કંઠેસીયા નીતા, તૃતીય ક્રમે જૂનાગઢના કથુરીયા સાયરા રહ્યા છે. જ્યારે સિનિયર બોયઝમાં દ્વિતીય ક્રમે ગીરસોમનાથના મેવાડા ધર્મેશકુમાર, તૃતીય ક્રમે ગીરસોમનાથના ચાવડા વીગ્નેશ રહ્યા છે.

જ્યારે જુનિયર ગર્લ્સમાં દ્વિતીય ક્રમે જૂનાગઢના ગરચર દીપાલી, તૃતીય ક્રમે જૂનાગઢના કામરીયા જયશ્રી રહ્યા છે. જ્યારે જુનિયર બોયઝમાં દ્વિતીય ક્રમે જૂનાગઢના ઝાલા જયરાજસીંહ, અને તૃતીય ક્રમે જૂનાગઢના વાજા દિવ્યેશ રહ્યા હતા.

વિજેતા સ્પર્ધકોને રોકડ રકમ,પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાયા હતા. મંગલનાથ આશ્રમ ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા, જૂનાગઢ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા,જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા, પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશનર શ્રી ઝાંપડા, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના સહિતના પદાધિકારીઓ – અધિકારીઓના હસ્તે રોકડ પુરસ્કાર પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવ્યા હતા.

આ તકે અધ્યક્ષીય પ્રવચનમાં ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડિયાએ જણાવ્યું હતું કે, સ્પર્ધામાં ભાગ લઈ અને રમવું એ આપણી ફરજ છે. તેમણે જણાવ્યુ હતુ કે, રમત ગમત ક્ષેત્રે જૂનાગઢ જિલ્લાના યુવાનોનું ભવિષ્ય ઉજજવળ બને એ માટે જૂનાગઢના ઝફર મેદાન ખાતે સ્પોર્ટસ સંકુલ વિકસાવવા માટે રાજ્ય સરકારે રૂ. ૧૯ કરોડનું અનુદાન ફાળવ્યુ છે.તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ ખેલ મહાકુંભનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભના આયોજનને લીધે રમતગમત ક્ષેત્રે યુવાઓની પ્રતીભા નીખરી રહી છે. વધુમાં તેમણે યુવાનોને ખેલ મહાકુંભમાં ભાગ લેવા પણ જરૂરી પ્રોત્સાહન આપ્યું હતું.

જૂનાગઢ જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ રાજ્યભરમાંથી સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકોની શારીરિક અને માનસિક ક્ષમતાને બિરદાવતા જણાવ્યું હતું કે ખૂબ જ ઓછા સમયમાં વીજળીના વેગે ગિરનાર આરોહણ અવરોહણ એ ખૂબ જ કઠિન છે. તેમણે સ્પર્ધકોનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, સ્પર્ધકો ફક્ત આ ગિરનાર સ્પર્ધા સુધી મર્યાદિત ન રહે પરંતુ રમત ગમત ક્ષેત્રે ઉજજવળ કાર્કિદી બનાવી દેશનું નામ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન મળે એ માટે કેન્દ્ર રાજય સરકારે વિવિધ યોજનાઓ અમલમા મુકી છે. તેનો લાભ લેવા પણ જણાવ્યું હતું.

જૂનાગઢ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા એ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રમત ગમત ક્ષેત્રે યુવાનો આગળ વધે એ માટે પ્રોત્સાહન આપી રહી છે, અતિ કઠિન ગણાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવો એ જ ગૌરવની વાત છે.

સ્પર્ધા દરમિયાન મેડીકલ કોલેજના તબીબો,જિલ્લા વ્યાયામ મંડળના શિક્ષકો, રમતગમત વિભાગના કર્મચારીઓ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ સહયોગી થઈ હતી. જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એન.ડી.વાળા અને એમની ટીમના સહયોગથી સ્પર્ધાને સફળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હારૂન વિહળે કર્યુ હતુ.

## કઠિન ગણાતી ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં એક પણ સ્પર્ધકને ગંભીર ઈજા નહીં




### મેડિક્લ ટીમ દ્વારા અંદાજે ૬૨૫ જેટલા સ્પર્ધકોને જરૂરી સામાન્ય સારવાર અપાઈ : સ્પર્ધકોને જરૂરી સારવાર માટે મેડિકલ ટીમ્સ સતત ખડે પગે રહી

જૂનાગઢ તા.૬

ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ખૂબ કઠિન માનવામાં આવે છે. તેમાં ગંભીર ઈજા થવાની પણ શક્યતાઓ હોય છે. પરંતુ આ ૩૯મી અખિલ ગુજરાત આરોહણ અવરોહણ સ્પર્ધામાં સદનસીબે એક પણ સ્પર્ધકને મોટી ઈજા થઈ નથી.

મંગલનાથ બાપુની જગ્યા કાર્યરત કરાયેલ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા સ્પર્ધા પૂર્ણ કરીને આવેલા અંદાજે ૬૨૫ જેટલા સ્પર્ધકોને સામાન્ય સારવાર જરૂરી આપવામાં આવી હતી.મેડિકલ ટીમના ઓર્થોપેડિક ડૉ. અરજણ કરમુરે જણાવ્યું કે, ગિરનાર સ્પર્ધામાં સ્પર્ધકોને સ્નાયુના દુખાવા, ક્રેમ્પ્સ, સોજો આવી જવો, કે પડી જવાથી છોલાઈ જવું જેવી સામાન્ય ઈજાઓ થઈ હતી. જેથી મેડિકલ ટીમ દ્વારા સ્પર્ધકોની સારવારની જરૂરિયાત મુજબ દર્દમાં રાહત કરતી પેઈન કિલર, ડાઈક્લો જેલ અને સ્પ્રેથી સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત દર્દમાં રાહત આપતા ક્રેપ બેન્ડેજ (ગરમ પાટા) બાંધી આપવામાં આવ્યા હતા અને જરૂરી ડ્રેસીંગ પણ કરવામાં આવ્યું હતું. આમ, સ્પર્ધકોને જરૂરી સારવાર આપવા માટે મેડિકલ ટીમ સતત ખડેપગે રહી હતી.

ઓર્થોપેડિક ડોક્ટર ઉપરાંત ફિઝિશિયન ડો. શ્યામ ઝાલાવડીયા સહિતના મેડિકલ સ્ટાફે સ્પર્ધાકોને જરૂરી આરોગ્ય સારવાર આપી હતી.

ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના સ્પર્ધકોને સ્પર્ધા દરમિયાન પણ જરૂરી મેડિકલ સહાય મળી રહે તે માટે અંબાજી, માળી પરબ અને ગૌમુખી ગંગા ખાતે પણ મેડિકલ ટીમ ઉપલબ્ધ રહી હતી.

# અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં પી. ડી. શાહ શાળા સંકુલનો દબદબો




### માંગરોળ તાલુકાના દીવરાણા ગામના પી. ડી. શાહ શાળા સંકુલના વિદ્યાર્થીની- વિદ્યાર્થીઓએ ઈતિહાસ રચ્યો : ૧૨ વિદ્યાર્થીઓ ભાગ લીધો અને ૧૨ વિદ્યાર્થીઓએ ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યું : જુનિયર બહેનોની કેટેગરીમાં ટોચના ૧૦ સ્થાનમાં ૯ વિદ્યાર્થીનીઓ પી. ડી. શાહ શાળા સંકુલની

જૂનાગઢ તા.૬

૩૯મી અખિલ ગુજરાત આરોહણ અવરોહણ સ્પર્ધામાં એક અનોખો ઈતિહાસ સર્જાયો છે, એક જ શાળા સંકુલના ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ૧૨ -૧૨ વિદ્યાર્થીઓ ટોપ ૧૦ માં સ્થાન મેળવવામાં સફળ રહે છે, કદાચ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના ઈતિહાસમાં આવી પ્રથમ ઘટના હશે.

આ જવલંત સફળતાના કારણો જણાવતા પી. ડી. શાહ શાળા સંકુલના આચાર્ય મિલિંદ કોટડીયા જણાવે છે કે, લગભગ દોઢેક મહિના પૂર્વેજ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે, સવારે ૪ વાગ્યાથી શિક્ષકોના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ પ્રેક્ટિસ શરૂ કરી દે છે, જેમાં દૈનિક વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ પાંચ કિલોમીટર દોડ સહિત અન્ય જરૂરી એક્સરસાઈઝ કરાવવામાં આવે છે. આ સાથે વિદ્યાર્થી વિદ્યાર્થીઓના ખોરાક ઉપર પણ એટલું જ ધ્યાન આપવામાં આવે છે. ભાગ લેનાર સ્પર્ધકોને જરૂરી પોષણક્ષમ આહાર મળી રહે તે માટે પણ પૂરતી કાળજી લેવામાં આવે છે.

ઉપરાંત વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ ગીરનાર સ્પર્ધાના વાતાવરણથી અનુકૂલન શોધી શકે તે માટે સ્પર્ધાના દસ દિવસ પૂર્વે જ અહીં રહીને ગિરનાર ના પગથિયા પર પ્રેક્ટિસ કરાવવામાં આવે છે.

મિલિંદ કોટડીયા કહે છે કે, આ માત્ર સફળતાનું પ્રથમ સોપાન છે, ફેબ્રુઆરી માસમાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પણ દરેક અમારા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ ટોચનું સ્થાન મેળવે તેવા લક્ષ્ય સાથે જરૂરી તૈયારીઓ કરવામાં આવશે.

રાજયકક્ષાની ગિરનાર આરોહણ આવરણ સ્પર્ધામાં બહેનોની જુનિયર કેટેગરીમાં ટોચના ૧૦ સ્થાનમાં ૯માં સ્થાનને બાદ કરતા તમામ સ્થાન પી. ડી. શાહ શાળા સંકુલના વિદ્યાર્થીનીઓએ પ્રાપ્ત કર્યા હતા. જ્યારે જુનિયર ભાઈઓની કેટેગરીમાં પણ પી.ડી. શાહ શાળા સંકુલના વિદ્યાર્થીઓએ બીજું, ચોથું અને સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મિલિન્દભાઈ કોટડીયાએ આ સફળતાને સમુદ્ર કિનારે છીપલા વીણવા બરાબર ગણાવી હતી અને હજુ અપાર સફળતા મેળવવા માટે આખો સમંદર પાર કરવાની મહેચ્છા વ્યક્ત કરી હતી.

પી. ડી. શાહ શાળા સંકુલની આ જવલંત સફળતા માટે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા અને જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

પી. ડી. શાહ શાળા સંકુલના વિદ્યાર્થીની- વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયામાં ભાગ લઈ ચૂક્યા છે અને ખેલ મહાકુંભમાં પણ રાજ્ય સ્તરે ટોચના સ્થાન મેળવ્યા છે.

તેમણે ખાસ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓના વાલીઓના સહકાર માટે પણ આભાર માન્યો હતો. ઉપરાંત શાળા પરિવારના શિક્ષકો અને ટ્રસ્ટી ચેતનભાઈ પંડ્યાનો પણ તેમણે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

પી.ડી. શાહ શાળા સંકુલમાં ધોરણ ૯ થી ૧૨માં આચાર્ય તરીકે ફરજ બજાવતા મિલિંદભાઈ કોટડીયા ગણિત વિષયના શિક્ષક છે અને તેઓ પણ બે વખત વિદ્યાર્થીકાળમાં ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લઈ ચૂક્યા છે.

# જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખની વરણી માટે સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરાઈ

## ૪૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા : પ્રમુખ પદનો તાજ મેળવવા જોરદાર લોબીંગ



જૂનાગઢ તા. ૬

ઘણા સમય થયા જેની રાહ જોવામાં આવી રહી હતી તેવા શહેર ભાજપનાં પ્રમુખ પદની વરણી માટેનો તખ્તો ગોઠવાયો હતો. અને પ્રારંભીક તબકકે ગઈકાલે નવા પ્રમુખપદની નિમણુંક માટે સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૪૩ કરતા વધારે ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવતાં ભાજપ વર્તુળમાં સન્નાટો પ્રસરી ગયો છે. તો બીજી તરફ પ્રમુખ પદનો તાજ ધારણ કરવા માટેની જોરદાર લોબીંગનો પ્રારંભ થયો હોવાનું ચર્ચાય છે.

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતભરમાં વોર્ડ પ્રમુખોની સરચના સંગઠન પર્વ, સભ્ય બનાવવા માટેની કામગીરી તેમજ નવા હોદેદારોની નિમણુંક માટેનો તખ્તો હાથ ધરી અને જે અંગેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. ગઈકાલે જૂનાગઢ શહેરમાં પણ જૂનાગઢ શહેર અને જીલ્લા ભાજપનાં પ્રમુખ પદ માટે સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ માટે દાવેદારી નોંધાવવા માટે ૩૫ લોકોએ ફોર્મ ભર્યા હતાં. જયારે બીજી તરફ શહેર ભાજપ પ્રમુખની દાવેદારી કરવા માટે ઉમેદવારોનો રાફડો ફાટયો હતો.

અને ૪૩થી વધુ દાવેદારોએ પોતાનાં ફોર્મ રજુ કર્યા હતાં. ગઈકાલે જૂનાગઢમાં શહેર ભાજપ કાર્યાલય ગિરનાર કમલમ ખાતે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ભાજપનાં ચુંટણી અધિકારી વનરાજસિંહ ગોહીલ તેમજ વિનુભાઈ કથીરીયાએ સવારથી જ ગિરનાર કમલમ ખાતે શહેર ભાજપ પ્રમુખનાં દાવેદારોનાં ફોર્મ સ્વીકારવાનું શરૂ કર્યુ હતું. શહેર ભાજપનાં પ્રમુખ પદ બનવા માટેનાં દાવેદારોમાં શહેર ભાજપનાં પૂર્વ પ્રમુખ પુનીત શર્મમા ઉપરાંત પૂર્વ મેયર, પૂર્વ સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન, પૂર્વ સરકારી વકીલે પણ ફોર્મ ભર્યા છે. જયારે ૬ મહિલાઓ સહીત ૪૩ જેટલા લોકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. આ કાર્યવાહી બાદ આગળની કાર્યવાહી માટે જરૂરી રીપોર્ટ ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવી રહયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખની મુદત પૂર્ણ થયા બાદ પ્રમુખ પદનો તાજ મેળવવા માટે જો કે છાને ખૂણે ઘણા સમય થયા પ્રબળ દાવેદારો દ્વારા ચકેળા ઘુમાવવાની કાર્યવાહી અને એક તકે તો ગાંધીનગર સુધી દોટ લગાવી હતી. અને આતુરતાભરી રાહ જોવામાં આવી રહી હતી. આખરે એ સમય પણ આવી ગયો અને પ્રમુખ પદનો તાજ પહેરવા માટેની હોડ શરૂ થઈ અને દાવેદારોએ પોતાના નામો પણ નોંધાવી દીધા છે. ત્યારે આ પ્રથમ તબકકાની કાર્યવાહી બાદ જૂનાગઢ શહેર ભાજપનાં નવા પ્રમુખ કોણ બનશે તે અંગેની ચર્ચાઓનો દોર પણ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

## જૂનાગઢમાં મકાન રીપેરીંગ કામ કરવા બાબતે મનદુઃખે હુમલો : સામસામી ફરીયાદ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં નરસિંહ વિદ્યા સ્કુલ સામે મુલ્લાવાડા વિસ્તારમાં બનેલા એક બનાવમાં મકાન રીપેરીંગ બાબતે બોલાચાલી થતાં હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેમાં સામસામી પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર નરસિંહ વિદ્યા મંદિર સામે આવેલા મુલ્લાવાડા અબ્દુલાબાગ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૩૦૧માં રહેતા આહયાખાન અયુબખાન યુસુફજઈ (ઉ.વ. ૫૨)એ આ કામનાં આરોપી અરબાઝખાન અમીનખાન પઠાણ, જેનતબેન અરબાઝખાન પઠાણ, નિલોફરબેન પઠાણ, શાહરૂખખાન ફિરોજખાન પઠાણ, ફરદીનખાન ફીરોજખાન પઠાણ, વસીમભાઈ ફીરોજખાન પઠાણ, મોહસીનખાન મહેબુબખાન પઠાણ, સાહીલખાન સરફરાજખાન શેખ, ઈમરાનખાન અમીનખાન પઠાણ રહે. તમામ જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામનાં ફરીયાદી આહીયાખાન અયુબખાન પોતાનાં મકાને રીપેરીંગ કામ કરાવતા હોય જે બાબતનું મનદુઃખ રાખી આ કામનાં આરોપીઓએ વારાફરતી લાકડી, લોખંડનાં પાઈપ, લાકડાનાં ધોકા તથા છરી જેવા હથીયાર લઈ આવી ફરીયાદી તથા ફરીયાદીનાં દિકરાને છરીના આડેધડ માર મારી મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી વારાફરતી એકબીજાને ફરીયાદી સાથેનાં મનદુઃખ બાબતે મદદગારી કરી અને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટનાં હથીયારબંધી જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ-ક, ૧૧૫ (૨), ૨૯૬ (બી), ૩૫૧ (૩), ૫૪ જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

જયારે આજ બનાવનાં અનુસંધાને ફરીયાદી અરબાજખાન અમીનખાન યુસુફજઈ (ઉ.વ. ૨૫) રહે. નરસિંહ સ્કુલ સામે ભઠ્ઠી ગલી, મુલ્લાવાડા મસ્જીદ પાસો જૂનાગઢવાળાએ આ કામના આરોપી આહયાખાન અયુબખાન પઠાણ, નવાજખાન આહયાખાન પઠાણ, શાહબાજખાન આહયાખાન પઠાણ રહે. તમામ જૂનાગઢ મુલ્લાવાડાવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી અરબાજખાન અમીનખાનનાં મકાનની બાજુમાં આ કામના આરોપીઓ મકાન બનાવતા હોય જે બાબતનું મનદુઃખ રાખી આ કામનાં આરોપીઓએ ભુંડી ગાળો દઈ લોખંડનાં પાઈપ, પ્લાસ્ટીકનાં પાઈપ જેવા હથીયારો લઈ આવી ફરીયાદી તથા શાહેદોને શરીરે મુંઢ ઈજાઓ કરી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટનાં હથીયારાબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ-ક ૧૧૫ (૨), ૨૯૬ (બી), ૫૪, જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં હે.કો. પી.બી. સીંઘવ ચલાવી રહયા છે.

## જૂનાગઢમાં અશોક ઓઈલ કેર પડતર મીલમાં આગ લાગી



જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરનાં દોલતપરા ગેઈટની બાજુમાં આવેલા અશોક ઓઈલ કેર પડતર મીલમાં આગનો બનાવ બન્યો હતો. જે અંગેની જાણ જૂનાગઢ ફાયર વિભાગને કરવામાં આવતાં ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચી અને આગ બુજાવવાની કામગીરી હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર દોલતપરા ગેઈટની બાજુમાં આવેલા અશોક ઓઈલ પડતર મીલમાં કોઈ કારણોસર આગ લાગી હતી. અને આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં ફાયર સ્ટેશન ઓફીસર કનુભાઈ પરમાર, ફાયર મેન નુરમહમદ શેખ, રવી ઢુવા, રાહુલ રાજયગુરૂ, તુષાર ચૌહાણ, સતીષ કેર, મેહુલ પરમાર, ડ્રાઈવર લીલાભાઈ રાવલીયા, પરસોતમભાઈ, ઈકબાલશા ગાડી નં. ૧૩૦૪ અને ગાડી નં. ૧૩૦૩ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને તાત્કાલીક અસરથી આગ મુજાવવાની કાગીરી હાથ ધરી હતી.

## ભારે પવનને કારણે રોપ-વે આજે બંધ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે કાર્યરત રોપ-વે સેવા આજે ભારે પવનને કારણે બંધ રાખવામાં આવી છે.

આજે સવારથી જ પવનની ગતી ખુબ જ વધારે હોય જેને લઈને સુરક્ષાને ધ્યાને લઈ અને સંચાલકો દ્વારા રોપ-વે સેવા આજે બંધ રાખવાની ફરજ પડી હતી. સાનુકુળ વાતાવરણ થયા બાદ રોપ-વે સેવા કાર્યરત થશે તેમ જાણવા મળે છે.

## સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ડો. આંબેડકર ભવન વિનામૂલ્યે ફાળવવા માંગ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે યુપીએસસી, જીપીએસસી, પોલીસ ભરતી, કલાર્ક જેવી બધી જ પરીક્ષાઓની તૈયારી વિનામૂલ્યે તૈયારી કરવા માટે અમારી ડો. આંબેડકર ભવન, કડીયાવાડ, ગણેશનગર અર્બન હેલ્થ સેન્ટરની બાજુમાં શંકર મંદિર પાસે આવેલ છે ત્યાં ફકત અનુસુચિત જાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવવાની છે તો અમને દરરોજ ફકત ૩ કલાક સવારે ૯ થી ૧૨ સુધી ૩ મહિના સુધી ડો. આંબેડકર ભવન વિનામૂલ્યે ફાળવવા વિનંતી કરવામાં આવી છે.

## જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ જીલ્લાનો ત્રિરત્ન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

ગઈકાલ તા.૫-૧-૨૦૨૫ ના રોજ "SC/ST બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ-જિલ્લો-જૂનાગઢ સાથે પોરબંદર અને ગીર સોમનાથ" જિલ્લાનો ત્રિરત્ન સમારોહ "કસ્બા રીસોર્ટ" નતાડીયા નેસમાં યોજાયો હતો. આ સંઘ દર વર્ષે ગ્રાન્ટેડ હાઈસ્કૂલમાથી સેવા નિવૃત્ત કર્મચારીઓનું સન્માન, નવનિયુકત કર્મચારીનું અભિવાદન તેમજ સભ્યોનું સ્નેહ મિલન અલગ-અલગ જગ્યાએ યોજે છે. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય અને વંદનાથી ભન્તે પ્રજ્ઞારત્ન થેરો તેમજ મહેમાનો દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં મહેમાનોનું શબ્દોથી સ્વાગત તેમજ સંઘ વિશે જાણકારી પ્રમુખ- રાજેન્દ્રભાઈ જાદવે આપેલ. આ સમારોહમાં ભન્તે પ્રજ્ઞારત્નજી થેરો, બોર્ડ મેમ્બર - નિલેષભાઈ સોનારા, જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ પ્રમુખ-ભરતભાઈ રાઠોડ, શિકાટ્રાના પ્રમુખ -હરસુખભાઈ ગોહિલ, વશરામભાઈ સોંદરવા, કરસનભાઈ મહિડા, તેમજ સંઘના સભ્યોએ હાજરી આપી હતી. તેમજ ઉક્ત આમંત્રિત મહેમાનોને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને સ્વાગત કરેલ અને આ કાર્યક્રમમાં ત્રણેય જિલ્લામાંથી સંઘ સાથે જોડાયેલા સભ્યોએ ફેમિલી સાથે મોટી સંખ્યામાં હાજરી આપેલ હતી. કાર્યક્રમને અનુરૂપ વક્તાઓ દ્વારા શૈક્ષણિક તેમજ વહીવટી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન વજુભાઈ સોસા તેમજ ભુપતભાઈ ચાવડાએ કરેલ હતું. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના કારોબારી સભ્યો તેમજ નોંધાયેલા તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## વંથલી તાલુકાનાં શાપુર ગામેથી જામગરી બંદુક સાથે એક ઝડપાયો

જૂનાગઢ તા. ૬

વંથલી તાલુકાનાં શાપુર ગામેથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે પોલીસે એકને ઝડપી લીધો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર વંથલી પોલીસ સ્ટેશનનાં હે.કો. વિપુલસિંહ કિરણસિંહે પોલીસમાં જાતે ફરીયાદી બની નોંધાવેલી ફરીયાદ અનુસાર ઈભરામ હારૂનભાઈ કેવર (ઉ.વ. ૬૦) રહે. શાપુરવાળાને પોતાનાં કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર આધાર પુરાવા વગર દેશી હાથ બનાવટની જામગરી બંદુક નંગ-૧ રૂા. ૧ હજારનાં મુદામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ હથીયારધારા ભંગનો ગુનો દાખલ કરી વંથલી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢ-વિસાવદર સ્ટેટ હાઈવેને જોડતો જૂની ચાવંડ લેરીયા સુખપુર રોડ પુનઃ ચાલુ કરવા રજુઆત

(પ્રતિનિધિ દ્વારા) વિસાવદર તા.૬

વિસાવદર તાલુકાના રસ્તાની બાબતમાં જૂનાગઢ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન મૈતરને જિલ્લા ભાજપ મંત્રી નરેન્દ્રભાઈ કોટીલા દ્વારા એક લેખિત રજૂઆત કરવામાં આવેલ છે કે, જૂનાગઢથી વિસાવદર સ્ટેટ હાઈવેને જોડતો જૂની ચાવંડ, લેરીયા અને લેરિયાથી સુખપુર રોડ સરકાર દ્વારા મંજૂર થયેલ છે. જેની કામગીરી એજન્સી દ્વારા ચાલુ કરવામાં આવેલ હતી પરંતુ લાંબો સમયથી મેટલીંગ ડામરનું કામ બંધ પડેલ છે.

### જૂનાગઢ ઝાંઝરડા રોડ ખાતે આવેલા

## જલારામ ભકિતધામમાં રાંદલમાના સમૂહ લોટાનું ભવ્ય આયોજન : તડામાર તૈયારી

**૧૦૮ સમુહ લોટાના કાર્યક્રમ ૨૧૬ લોટા સુધી વિસ્તારવું પડયું : એક સાથે ૭૦ દંપતિઓ સ્થાપન વિધિમાં બેસી ૧૫૧૨ ગોઈણીઓના પગ ધોઈ પૂજન કરશે**



(પ્રતિનિધિ દ્વારા) જૂનગઢ તા.૬

જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા રાંદલમાના ૧૦૮ સમૂહ લોટાનું આયોજન મુકવામાં આવેલું પણ માત્ર બે જ દિવસમાં તે ટાર્ગેટ પૂરો થઈ ગયો અને માંગ વધતી ચાલી તેથી આયોજકોએ ૧૦૮ને બદલે ૨૧૬ લોટા સુધી વિસ્તરણ કર્યુ આમ છતાં ઘણા રાંદલ ભક્તોને નિરાશ કરવા પડયા, બે માસ પછી ફરી આયોજન મૂકીશું તેવું આશ્વાસન આપીને સમજાવ્યા. સમાજમાં આ સ્ટની કાર્યક્ષમતા વિષે સંતોષ અને વિશ્વસનિયતા એટલી બધી છે કે વિદેશોમાંથી પણ સમૂહ લોટાની નોંધણી થઈ છે અને યુકે, આફ્રિકા, અમેરિકાથી દાન ભંડોળનો પ્રવાહ અવિરત ચાલું છે. તા.૧૨-૧-૨૫ના રોજ સવારના સાત વાગ્યે એકી સાથે ૭૦ દંપતિ પૂજન વિધિમાં બેસશે, ૧૫૧૨ ગોઈણીઓના પગ ધોઈ, તેની પૂજા કરશે, જમાડીને લ્હાણી આપશે સાંજના ચાર વાગ્યે વિવિધ મહિલા મંડળાં દ્વારા સંગીતમય ગરબા સાથે માતાજીના ગુણગાન ગવાશે અને સાંજના સાત વાગ્યે ૨૧૬ દિવડા સાથે દેદિપ્યમાન સંધ્યા આરતી થશે આવા ભવ્યાતિભવ્ય અવસરનો આનંદ માણવા અને ૨૧૬ લોટાના માના દિવ્ય દરબારના દર્શન માટે પધારવા રાંદલ ભક્તોને ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉનડકટ ભાવભર્યુ આમંત્રણ પાઠવે છે.

## જૂનાગઢમાં મોટર સાયકલ બેફીકરાઈથી ચલાવી અકસ્માત કર્યા અંગે પોલીસ ફરીયાદ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં સુખનાથ ચોક વિસ્તારમાં મુલ્લાવાડા રોનક પાન નજીક બનેલા એક બનાવમાં મોટર સાયકલ બેફીકરાઈથી ચલાવી અને ઈ-બાઈક સાથે અથડાવી અકસ્માત સર્જી ઈજા પહોંચાડયાની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર સાહીલભાઈ હાસમભાઈ શેખ (ઉ.વ. ૨૪) રહે. ધારાગઢ દરવાજા હુરેઈલાહી મસ્જીદ પાસે સુખનાથ ચોક વિસ્તાર જૂનાગઢવાળાએ આ કામનાં આરોપી મોટર સાયકલ નં. જીજે-૧૧-બીએમ ૫૦૫૩નાં ચાલક ડ્રાઈવર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના ફરીયાદીનાં મામાના દીકરા ૧૪ વર્ષનાં સગીર જૂનાગઢ મુલ્લાવાડામાં સાંજનાં આશરે પાંચેક વાગ્યે બ્રીલીયન્ટ ટયુશન કલાસીસમાં કલાસીસ કરવા માટે ઈ-બાઈક (ટનવેલ) લઈને ગયેલ હતો ત્યારે અલંકાર ટોકીઝ મુલ્લાવાડા રોનક પાન ચોકડી પાસેથી પહોંચતાં મોટર સાયકલ નં. જીજે-૧૧-બીએમ ૫૦૫૩નાં ચાલકે પોતાની મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીનાં મામાનાં દિકરાની ઈ-બાઈક સાથે અથડાવી અકસ્માત કરી રોડ પર પછાડી દઈ શરીરે મોઢા પર તથા જમણા હાથની કોણીમાં ઈજા કરતાં જમણો હાથ કોણીનાં ભાગેથી તુટી જતાં સર્જરી આવેલ હોય અને આ મોટર સાયકલ નં. જીજે-૧૧-બીએમ ૫૦૫૩નો ચાલક પોતાની મોટર સાયકલ લઈ સ્થળ પરથી નાશી જઈ ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં પોલીસે આરોપી મોટર સાયકલ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં કે.કો. એસ.બી. રાઠોડ ચલાવી રહયા છે.

## શ્રી કેશવ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢનાં જનરલ મેનેજર સ્વ. સમીરભાઈ જોષીની આજે શ્રધ્ધાંજલી સભા



જૂનાગઢ તા.૬

શ્રી કેશવ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢનાં જનરલ મેનેજર સ્વ. સમીરભાઈ નર્મદાશંકર જોષીનું તા. ૧-૧-૨૫નાં રોજ દુઃખદ અવસાન થયેલ હોય સદગતનાં દિવ્ય આત્માની શાંતિ અર્થે શ્રધ્ધાંજલી સભા આવતીકાલ તા. ૭-૧-૨૫ને મંગળવારનાં સાંજે ૫.૩૦ કલાકે કેશવ ક્રેડીટ સરદારબાગ, રાણી લક્ષ્મીબાઈ ચોક, જૂનાગઢ શાખા ખાતે રાખવામાં આવેલ છે. અત્રે ઉલ્લેનીય છે કે સ્વ. સમીરભાઈ જોષી શ્રી કેશવ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની સ્થાપનાકાળથી જ જનરલ મેનેજર પદે રહયા હતાં. અને આજ દિવસ સુધીની તેમની કામગીરી ખુબ જ સારી રહી છે. સભાસદો, બોર્ડ ઓફ ડીરેકટર્સ તેમજ તમામ સાથે આત્મીય સંબંધો અને મિલનસાર સ્વભાવને કારણે તેઓ ખુબ જ લોકપ્રિય હતાં. અને તેઓની કામગીરીની સુવાસ આજે પણ સતત પ્રવર્તી રહી છે. સિધ્ધેશ્વર મહાદેવમાં અખુટ શ્રધ્ધા ધરાવતા સમીરભાઈ જોષીનું તાજેતરમાં જ નિધન થતાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. સદગતશ્રીને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે.

